# અધ્યાત્મ



વર્ષ : ૪૮, ફેબ્રુઆરી ૨૦૨૬, અંક : ૫

## ॥ બધું જ ભુલાવી દે ॥

હું તો એમજ કહું છું કે શાસ્ત્રોનો ભાર તું મારા મસ્તક પરથી ઉતારી દે!

કદાચ હું વેદના મંત્રો ને ઉપનિષદનાં રત્નો પણ સદાને માટે વીસરી જઉં, ગીતાનાં ગૌરવ જેવાં વાક્યો પણ વીસરી જઉં, ને જે જે જાણ્યું, વાંચ્યું કે સાંભળ્યું છે તે સઘળું ભૂલી જઉં.

હા, વિસ્મરણ એ જ મારી ભિક્ષા થશે; તારી પાસે હું આજે આ ભિક્ષા માગી રહ્યો છું.

મારા વાસ્તવિક પ્રામાણિક પ્રેમને પ્રકટ કરવો હોય તો મારું બધુંય ભુલાવી દે. જગતનું ભાન પણ ભલે ના રહે...! આંખ, અંતર ને અંગેઅંગમાં એક તારી જ મૂર્તિને રાખી દે; બીજું બધું જ ભલે ભુલાવી દે!

હું તો એમ જ કહું છું કે શાસ્ત્રોનો ભાર તું મારા મસ્તક પરથી ઉતારી દે; તારા વિનાનું બીજું બધું જ ભુલાવી દે.

- પૂ. શ્રીયોગેશ્વરજી
('અનંતસૂર' કાવ્યસંગ્રહ)

|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ મો.નં.+ ૯૧ ૯૬૦ ૧૫૮ ૧૯૨૧

# ॥ ચમત્કાર ॥

ઝેન ગુરુ બન્કીનું પ્રવચન સાંભળવા અનેક લોકો આવતા આથી શીન્સુ નામના બાજુના મઠમાં રહેતા સાધુને અદેખાઈ આવી કે 'મારા ગુરુ કરતાંય બન્કી શું એટલા મહાન છે ?'

બેચેની વધી જતાં શીન્સુ બન્કીનું પ્રવચન જ્યાં ચાલતું હતું ત્યાં પહોંચી જઈ બૂમો પાડવા લાગ્યા. અચાનક પ્રવચનમાં ખલેલ પડતાં બન્કીએ શીન્સુને પાસે બોલાવી પૂછ્યું કે તે શા માટે આવ્યો છે ?

શીન્સુ કહે : 'અમારો માર્ગ શ્રેષ્ઠ છે. અમારા ગુરુ દરરોજ અનેકવાર માળા ફેરવી બુદ્ધમંત્ર બોલે છે. તે એવા સમર્થ અને સિદ્ધ પુરુષ છે કે નદીની સામી બાજુ કોઈ આગળ જઈને ઊભો રહે તો બીજી બાજુએથી અમારા ગુરુ હવામાં બ્રશ એવી રીતે ફેરવે કે બુદ્ધનું નામ લખાઈ જાય ! બોલો, તમારામાં આવી કોઈ દૈવી શક્તિ છે ?'

બન્કી હસી પડ્યા. ખૂબ હસ્યા. આખી સભા આશ્ચર્ય પામી. બન્કીના જવાબની આતુરતાથી રાહ જોવા લાગી. બન્કીએ કહ્યું : 'તારા ગુરુ પાસે આવી શક્તિ છે તે જાણી નવાઈ લાગી. રસ્તે જતો કોઈપણ માણસ આવી જાદુવિદ્યા કરી શકે છે. પરંતુ એ સાચો ઝેનમાર્ગ નથી. મારો માર્ગ એ છે કે જ્યારે ભૂખ લાગે ત્યારે ખાઈ લેવું અને ઊંઘ આવે ત્યારે સૂઈ જવું.'

**—એક ઝેનકથા**

।। ૐ યોગેશ્વરાય નમઃ ।।   ।। ૐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ ।।

# ।। ફેબ્રુઆરી–૨૦૨૬ ।।

'મુક્તિ તો એ અનુભવથી આવશે કે તમે ધીરે ધીરે એ સંપદાની ખોજ કરો, પોતાની ભીતર ! જે તમારી છે. જે લઈને તમે પેદા થયા અને જે મરતી વખતે પણ સાથે લઈ જશો. જે જન્મ પહેલાં પણ હતી અને મૃત્યુ પછી પણ હશે. જે તમે કોઈ પાસેથી લીધી નથી. જે ઉધાર નથી. જે તમારું પોતાનું હોવું છે, તમારી પોતીકી સંપદા છે. એ જ આત્મા છે.'

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૭ |
| ૧ | શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨ | પૂ.શ્રીયોગેશ્વરજીની અધ્યાત્મવિભાવના | સંકલન | ૧૧ |
| ૩ | દિવાળી | શ્રી'મા' સર્વેશ્વરી | ૧૨ |
| ૪ | ધનતેરસ | શ્રી'મા' સર્વેશ્વરી | ૧૩ |
| ૫ | ભીતરના અજવાળાની શોધ | શ્રીવીનેશ અંતાણી | ૧૪ |
| ૬ | દેવદિવાળી | ડૉ.મણિલાલ પ્રજાપતિ | ૧૮ |
| ૭ | સ્મરણયાત્રા | પૂ.શ્રી'મા' સર્વેશ્વરી | ૨૨ |
| ૮ | સ્વર્ગારોહણ તીર્થમાં દીપોત્સવી પર્વ | શ્રીઅશ્વિન કાકા | ૨૭ |
| ૯ | યોગદર્શન | પૂ.શ્રીયોગેશ્વરજી | ૩૩ |
| ૧૦ | જીવનનું લક્ષ્ય | " | ૩૯ |
| ૧૧ | સર્વકાલીન સંદેશ | " | ૪૫ |
| ૧૨ | મૌન અને સત્સંગ | શ્રીરામકૃષ્ણ વ્યાસ(અનુવાદક) | ૪૮ |
| ૧૩ | પુરુષાર્થ અને કૃપા | શ્રીકાર્તિકેય ભટ્ટ | ૪૯ |
| ૧૪ | નિષ્કામ કર્મ | " | ૫૦ |
| ૧૫ | શ્રીરંગ અવધૂતજીના પ્રેરક પ્રસંગો | સંકલન | ૫૪ |
| ૧૬ | 'જેવો છું તેવો હું'—કાવ્યસમીક્ષા | તરલા દેસાઈ | ૬૩ |

## નિવેદન : પૂ.શ્રી'મા'નું એકાંત મૌન જનવિમુખતાથી નહિ, તીવ્ર પ્રભુસંમુખતાથી સધાય છે.

જગતના રંગમંચ પર એક પછી એક પર્વો આવે અને પર્વપ્રિય લોકો એમાં રમમાણ થઈ જાય. નવરાત્રિ, દિવાળી, દેવદિવાળી આવ્યાં. ઉલ્લાસભેર ઉજવાયાં. પરંતુ પૂ.શ્રી'મા'એ કેવળ પરંપરાની યાંત્રિક ઉજવણીમાંથી દેશવિદેશના ભક્તોને મુક્ત રાખી, અદ્યતન અધ્યાત્મની વિભાવના આપી, એ ઉત્સવોને વધારે અર્થપૂર્ણ, સૂક્ષ્મ બનાવવા અનુરોધ કર્યો. ફૂલો, દીપમાળા, રંગોળીના ભપકાને સ્થાને પ્રભુ પ્રત્યેની પ્રીતિ-ભક્તિને ઉજાગર કરવા માર્ગદર્શન આપ્યું.

પૂ.શ્રી'મા'નો માર્ગ સ્વાધીનતાનો છે. સ્વાધીનતાનું દાયિત્વ પથિકરૂપે 'મા' સ્વયં સ્વીકારે છે. ભક્તોમાં રહેલું સર્વોત્તમ તત્ત્વ બહાર કઢાવી, વૈશ્વિક કલ્યાણકાર્યમાં એમને સહભાગી બનાવવા મથે છે.

તેઓશ્રી નિરંતર આત્મસ્થ હોવાથી લોકોના સ્પર્શથી, ગંધથી પણ તેમને તકલીફ થાય છે. જેના વ્યવહારમાં, આહારવિહારમાં શુદ્ધિ થઈ નથી એવી વ્યક્તિઓના સ્પર્શથી એમની સમાધિઅવસ્થાને આંચકો લાગે છે. વળી જનસંપર્કમાં એમની શક્તિનો હ્રાસ થાય તેની પૂર્તિ કરવી આવશ્યક હોવાથી તેઓશ્રી 'એકાંત મૌન' સેવે છે.

પૂ.શ્રી'મા'ના એકાંત મૌનનું કારણ જનવિમુખતા કે ઉપેક્ષાભાવ નહિ પણ સંબંધોનું ક્ષેત્ર વ્યાપક બનતાં એકાંત સંતુલન માટે અનિવાર્ય થઈ જાય છે. અનેક સંસ્કારોવાળી વ્યક્તિઓ સાથે તદાત્મભાવથી રહેવું સરળ નથી લાગતું છતાં પ્રારબ્ધવશ જે સામે આવે તેને પ્રભુપૂજા માનીને તેઓશ્રી વધાવી લે છે. છતાં અંતરંગ સંમુખ રહેવા તેમને જનસંપર્કનો સંકોચ કરવો પડે.

મૌન 'મા'ની સર્વોત્તમ ભાષા બની છે, વાણીની શાશ્વતીની એમાં ઝંકૃતિ છે. ઉપદેશ શાબ્દિક નહિ. આચારસિદ્ધ બની રહે છે. જીવનમાં મૂર્ત સરળ અધ્યાત્મના ઐશ્વર્યથી જાતને જ નહિ, જગત સમસ્તને અજવાળતાં પૂ.શ્રી'મા'ને કોટિ કોટિ પ્રણામ !

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

**તા.૧૪/૬/૧૯૮૩, મંગળવાર. જેઠ સુદ એકમ, વિ.સં.૨૦૪૦**

**સ્થળ : મસૂરી.**

સવારે દરરોજ જેવો જ ક્રમ રહ્યો. પૂ.શ્રી માતાજીનું સ્મરણ દરરોજ કંઈક ને કંઈક વાતોમાં કરે છે. માતાજી અહીં બેસતાં, માતાજી આમ બનાવતાં, માતાજીના હૃદયમાં કોણ કેવું છે તેના પડઘા પડતા, એવી એવી વાતો કરી દરરોજ જ માતાજીનું સ્મરણ પૂ.શ્રી કરતા.

એમતો દરરોજ લેખન શરૂ કરતાં પહેલાં માતાજીની બે તસવીરોનાં દર્શન કરીને પછી જ લેખન ચાલુ કરે છે. એક વાર પૂછતાં પૂ.શ્રીએ જણાવેલું કે, માતાજીની તસવીરને મનોમન પ્રાર્થના કરું, આપના આદર્શ પ્રમાણે મારું જીવન વધુ ને વધુ ઉચ્ચ બનો. આપના જેવી પવિત્રતા મારામાં વધતી રહો.

આજે પણ પ્રિય એવું ખીચડીનું જ ભોજન લીધું. ભોજન બાદ મુલાકાતમાં એક પંજાબી બેન આવે છે અને દસ-બાર વાર બારણું ખખડાવે છે. પૂ.શ્રી બરાબર સાડા બાર વાગ્યે બારણું ખોલે છે ને ઘડિયાળ બતાવતાં કહે છે, 'હજુ હવે સાડા બાર થઈ રહ્યા છે. આપ આપની ઘડિયાળ મેળવી લો. અને બારણું ખખડાવવું નહિ. અમે સમયસર જ ખોલીએ છીએ. આપે બારણું ખખડાવ્યું એટલે હવે પાંચ મિનિટ જ બેસો. પછી હું આપને અંદર બોલાવીશ.' એમ કહી પૂ.શ્રી બારણું બંધ કરે છે.

સાડા બાર ને પાંચ મિનિટે પૂ.શ્રીએ ફરી બારણું ખોલ્યું એટલે તે બેન આવ્યાં. તેમણે કહ્યું, 'અમે તો પામર અજ્ઞાની. અમારી ભૂલ માટે તમે દંડ કરો છો તે યોગ્ય જ છે. મને માફ કરજો.' પૂ.શ્રીએ કહ્યું, 'કશો વાંધો નહિ. હવે આપને જે કહેવું હોય તે કહો.'

તે બેનને ધ્યાનમાં કંઈક મુશ્કેલી હતી. પૂ.શ્રીએ તેમને ઉપાય બતાવ્યો. તેમણે સંચિત કર્મ ને પ્રારબ્ધ કર્મ વિશે પણ પ્રશ્ન પૂછ્યો. પૂ.શ્રીએ કહ્યું, 'તમે ૫૦/– રૂપિયાનું બૅન્કમાં ખાતુ ખોલાવો પછી તે ૫૦/– રૂપિયાથી વેપાર કરીને ૧૦૦/– રૂપિયા મેળવ્યા પણ પેલા ૫૦/– રૂપિયા તો રહે જ ને. એમ સંચિત કર્મો ભોગવવા તો પડે જ. ગુરુકૃપાથી સંચિત કર્મો ઓછાં થશે, ને જે પ્રારબ્ધ કર્મ છે તે ભોગવવાં પડે પણ હસતાં હસતાં ભોગવવાની ગુરુ શક્તિ આપે છે. સાધન-ભજનથી અને ગુરુકૃપાથી પ્રારબ્ધ કર્મ પણ કોઈક વાર બદલાઈ જાય છે. પણ તેને માટે ગુરુમાં ખૂબ શ્રદ્ધા ભક્તિ રાખવી પડે.'

તે બેનને પૂ.શ્રીએ બતાવેલી રીત પ્રમાણે જપ સાથે ધ્યાન કરવાનું તરત જ સૂચવ્યું. તે બેન બેઠાં. તેમણે થોડી વાર પછી આંખ ખોલી કહ્યું કે, મને ઘણું સારું લાગ્યું. ધ્યાનમાં ખૂબ આનંદ આવ્યો. ફરી હું શુક્રવારે આવીશ.

તે બેન વિદાય થયાં. ફરીથી બારણું ખખડાવવા બદલ તેમણે પૂ.શ્રીની ક્ષમા માગી. મુલાકાત બાદ થોડો આરામ.

સાંજે થોડું નમસ્કાર રોડ ઉપર ફરવા ગયા. દરરોજની જેમ દુકાનોવાળા, રસ્તે ચાલનારા, પ્રેમભાવ રાખનારા નમસ્કાર કરે છે સાંજે છ વાગ્યે સમયસર પ્રવચન શરૂ થાય છે. પ્રવચન બાદ સ્વામી અધ્યાત્માનંદજી મળે છે. તેઓ પણ પ્રવચનમાં આવ્યા છે. 'તર્પણ' ને 'ઈશાવાસ્ય ઉપનિષદ'ના પુસ્તકો સ્વામીજીને ભેટ આપે છે. વળી એક ભાઈ ફળો લાવે છે. પૂ.શ્રી તે ફળોમાંથી થોડા ફળો સ્વામીજીને આપે છે. આજે સ્ટેજ ઉપર જે લોકોએ પૈસા મુક્યા છે તેમાંથી ૨૫/– રૂપિયા પણ સ્વામીજીને પૂ.શ્રી આગ્રહ કરીને આપે છે. બાકીના સરસ્વતી શિશુમંદિરને આપી દે છે.

પૂ.શ્રી થોડી વાતો કરી ઉપર આવે છે. પૂ.શ્રીની નિયમિતતા પ્રત્યેની કડકાઈ અને ચરણે આવતી લક્ષ્મીનો તરત જ સદ્ઉપયોગ એ બે વસ્તુ પણ જીવનમાં આવી જાય તો જીવન સફળ થઈ જાય.

હરિઃૐ હરિઃૐ હરિઃૐ

**–શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ પૂજ્ય શ્રીયોગેશ્વરજીની અધ્યાત્મવિભાવના ॥

પરમાત્માના અસીમ સ્વરૂપને કોઈ એક નામ કે રૂપમાં સીમિત કરવાનું કારણ શું ? જે નિર્ગુણ, નિરાકાર, સર્વમાં ઓતપ્રોત છે તેનો સંગ કેવી રીતે કરાય ? તો 'અનુસંધાત્મિકા ભક્તિ' સિવાય કોઈ ઉપાય નથી. એટલે જીવનની દિવ્યતા સાથે સંબંધિત થવા શ્રીયોગેશ્વરજીએ જગદંબાનું પ્રતીક શોધ્યું. જે વિશ્વવ્યાપી પરમાત્માની શાશ્વતીની મૂળ આદ્યશક્તિ છે. એની ભક્તિ દ્વારા સમર્પિત ભાવથી ચિત્તશુદ્ધિ સાધવાની છે. રિદ્ધિ-સિદ્ધિના બહાને વિષયો આક્રમણ ન કરે એવી સાવધાની, પળેપળની જાગૃતિ સાધકે સાધવાની છે.

સાધનાનો પ્રારંભ સ્વશિક્ષણથી કરવાનો છે. કાયા-વાચા-મનસા શુદ્ધીકરણ સાધવાનું છે.

શરીરનિર્વાહ માટે જે ભૌતિક પદાર્થોનું સેવન અને એ પણ સુસભ્ય, સુસંસ્કૃત, સ્વસ્થ, અહિંસક સંયમની રેખા પર !

જો સાધક 'રસેશ્વર' પ્રત્યે એકાગ્ર ન થાય તો તેનું ચિત્ત વિષયોમાં રસ લેવા માંડશે તેથી ઈન્દ્રિયો પર સંયમ અનિવાર્ય. વળી, સર્વ વ્યવહાર અહમ્‌ના સ્રોતમાંથી નહિ, સોડહમ્‌ના સ્રોતમાંથી થાય. પછી ચિત્તનું સમત્વ, સંતુલન સહજ. જેનો આત્મા સદા તૃપ્ત તેને કશું કરવાનું રહેતું નથી.

આત્માના આનંદમાં જે રમમાણ છે તેને બાહ્ય સિદ્ધિઓથી શું ? ચિત્ત એટલું સંસ્કારી, આભિજાત્યપૂર્ણ કે સ્વર્ગનો વૈભવ પણ તુચ્છ લાગે. તેથી જ બધા સાધુઓ સાદા, સાદગીપૂર્ણ, કૌપીનધારી હોય છે !

શરીરમાં રહીને આત્માનંદ માણવાનો અવસર મળ્યો છે તો માણી લે. કેમકે શરીર તો આજે પડે કે કાલે ! આવા સંન્યાસી માટે ભક્તિ, ધ્યાન, યોગ, મૌન સંકટ નથી. પૃથ્વી શેષનાગના માથે છે, તમારા મસ્તક પર નથી. તેથી નિષ્કામ બ્રહ્મસ્થિતિ અનુભવી, નિષ્કામ થઈ જવાનું છે !

ચેતનાવિસ્તાર જ માનવીનું મોટું ઐશ્વર્ય. દૈવી શક્તિનું અવતરણ જ નહિ, એનો અદ્‌ભુત આવિર્ભાવ. આ ચેતનાની કોઈ પરિભાષા કે સિદ્ધાંત નથી. એ જીવીને જ જાણી શકાય, જણાવી શકાય.

**—સંકલન**

# ।। દિવાળી ।।

આજે દિવાળીનું પવિત્ર પર્વ છે. દીવડાઓથી સ્વર્ગારોહણ ઝળહળશે. સરસ ભોજનપ્રસાદ પામશો સ્વર્ગારોહણને પોતાનું માનીને સજાવશો. થાય તેટલા જપ કરશો. નિયમો પાળશો સત્કર્મો કરશો. ને દિવાળી પર્વ પૂર્ણ કરશો.

આપણા જીવનમાં એવી રોજ જ દિવાળી પ્રગટો. રોજરોજ સાથિયા. રોજરોજ સૌ સાથે મધુરવાણીનો વ્યવહાર. રોજરોજ જે જે અતિથિ આવે તેનો સ્નેહભર્યો સત્કાર કરીશું.

પૂ.શ્રી ગુરુદેવપ્રભુના, પરમ પૂજ્ય માતાજી જ્યોતિર્મયીજીના આશીર્વાદ આપણા સૌ ઉપર ઊતરો એવી પ્રાર્થના છે.

આ સાથે એક પદપ્રસાદ મોકલીએ છીએ.

—તા.૧૯/૧૦/૨૦૨૫

**શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ ધનતેરસ ॥

ધનતેરસ ના પવિત્ર પર્વે સૌને પોતાનું ધન સાચવવાની પ્રભુ શક્તિ આપો.

ધન ?

(૧) આપણું સાચું ધન આપણું <u>માનવદેહનું જીવન છે.</u>

(૨) આપણું સાચું ધન આપણને મળેલા <u>સમર્થ ગુરુદેવ છે.</u>

(૩) આપણું સાચું ધન શ્રીગુરુદેવે સર્જેલું <u>સ્વર્ગારોહણ છે.</u>

(૪) આપણું સાચું ધન આપણાં સત્સંગે, સંતદર્શને, સ્વર્ગારોહણના નિવાસથી પવિત્ર થયેલ <u>મન છે.</u>

માનવદેહે મળેલું જીવન સાધનભજનથી સંભાળીએ સજાવીએ.

માનવદેહે મળેલા મહાપુરુષ શ્રીસદ્‌ગુરુદેવના આદેશોનું પાલન કરી એમના સાહિત્યને વધાવવાનું સેવાકાર્ય કરી પૂ.ગુરુદેવની દૈવી સંપતને પ્રસન્ન કરીએ.

શ્રીગુરુદેવે સર્જેલું આ સ્વર્ગારોહણ સૌનું છે. સૌ અહીં સાધના માટે પધારે. અહીંના પ્રત્યેક કણમાં પથરાયેલા ગુરુદેવના આશીર્વાદને જપ, તપથી જગાડીએ, સાચવીએ.

આપણું મન પણ એક પવિત્ર સંપત છે એને પવિત્ર રાખી રોજરોજ માંજીને દર્પણ બનાવીએ એ દર્પણમાં શ્રીગુરુદેવનું પ્રતિબિંબ ઝીલીએ મનને દેવમંદિર બનાવીએ.

માનવદેહે સારી રીતે જીવન જીવવા ભૌતિક સંપત્તિ પણ પ્રભુ એવી આપજો. જે પ્રામાણિકપણે મેળવેલી હોય, કોઈકની હાશ લઈને આવનારી લક્ષ્મી જ અમારા ઘરમાં પ્રવેશ કરે એવી પ્રાર્થના છે.

ધનતેરસના પવિત્ર પર્વે સૌનું શુભમંગલ થાઓ.

ગુરુદેવના દૈવી પ્રસાદને પચાવવાની શક્તિ સૌને મળતી રહો.

સુખ, શાંતિ આનંદ પામો.

**–શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ ભીતરના અજવાળાની શોધનો ઉત્સવ ॥

**અ**જવાળું અને અંધારું બહારની વાસ્તવિકતા છે. એટલી જ માનવમનની વાસ્તવિકતા પણ છે. માનવજાત યુગોથી પ્રકાશ અને અંધકારની વચ્ચે ચગદાતી રહી છે. વિચારકો પ્રકાશને જ્ઞાન, ડહાપણ, સત્ય, આશા જેવી સકારાત્મક બાબતો સાથે જોડે છે અને અંધકારને અજ્ઞાન, હતાશા, અસત્ય, ડિપ્રેશન જેવી નકારાત્મક સ્થિતિઓ સાથે જોડે છે. અજવાળાની આરાધનાની દરેક ક્ષણ આપણામાં વિશ્વાસ પ્રેરે છે કે ગમે તેવા અંધકારમાંથી પ્રકાશ પોતાનો માર્ગ શોધી જ લેશે.

ઘુવડ નિશાવર છે. દિવસના અજવાળામાં એ આંધળું બની જાય છે, છતાં એ રાતના અંધકારમાં સ્પષ્ટ જોઈ શકવાની પોતાની શક્તિ પર મુસ્તાક હતું. એક રાતે એણે એક આગિયાને ઝબૂક ઝબૂક થતો જોયો.

ઘુવડે આગિયાને પૂછ્યું : ‘તું આટલો ઝાંખો પ્રકાશ આપે છે, છતાં કયા કારણે ખુશ છે ?’

આગિયાએ જવાબ આપ્યો : ‘હું દુનિયામાં અજવાળું ફેલાવવાનું કર્તવ્ય બજાવું છું.’

ઘુવડ ખડખડાટ હસ્યું. ‘આ અંધારા જંગલમાં મારું સામ્રાજ્ય છે. એમાં તું આવડુંક અમથું જીવડું ઝબૂકી ઝબૂકીને મરી જશે તો પણ અંધારું દૂર કરી શકશે નહિ.’

આગિયાએ કહ્યું : ‘મારું ક્ષણિક અજવાળું અંધારામાં ભૂલા પડેલા મુસાફરને માર્ગ ચીંધવા માટે પૂરતું છે.’ આગિયો દિવાળીના તહેવારમાં ટમટમતા દીવડાઓનું પ્રતીક છે.

અંધકાર પર પ્રકાશના વિજયની આકાંક્ષા આપણા

ઉત્સવોમાં પ્રતિબિંબ થાય છે. દિવાળી દીપનો ઉત્સવ છે. પ્રભુ રામે રાવણનો વધ કરી ચૌદ વર્ષના વનવાસ પછી અયોધ્યામાં પ્રવેશ કર્યો. એ ઘટના આજે પણ અંધકારમાં અટવાતા લોકોના મનમાં આશાનું તેજ પ્રગટાવે છે. બહારના અંધકારની સાથે આપણી ભીતરના અંધકારને પણ દૂર કરવા આપણે ઘેરઘેર દીવા પ્રગટાવીએ છીએ. દિવાળી ફરીફરીને રામરાજ્યનો આદર્શ દઢ કરે છે. એનો સંદેશ છે કે રામરાજ્ય માટે સત્તાધીશોથી માંડી સામાન્યમાં સામાન્ય નાગરિકે સતત પ્રયત્નશીલ રહેવાની જરૂર છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે લોકોને જીવનના ઉત્સવમાં ભાગ લેવાનું નિમંત્રણ આપ્યું હતું, એ ઉત્સવ એટલે જિંદગીની ક્ષણેક્ષણનો ઉલ્લાસ માણવો. એ કયું તત્ત્વ છે, જે માણસજાતને ઉલ્લાસ અને ઉમંગ બક્ષે છે ? એનો જવાબ બહારથી શોધવાનો નથી, આપણી અંદર જ એનો જવાબ પડેલો છે. પ્રસન્ન રહેવું મુશ્કેલ નથી, છતાં ઘણા લોકો કશા કારણ વિના જાતે ક્ષુલ્લક કારણો ઊભાં કરી મનની અરાજકતામાં ગૂંચવાઈ જાય છે. એવા લોકો કાયમ અંધકારમાં વસતા આત્માઓ હોય છે. ઘણાં વર્ષો પહેલાં એક અજાણ્યા કવિએ ગીત લખ્યું હતું : **'અંધકારના અમે મુસાફર...દૂર ભલેને પરોઢ આવ્યું, આંખે સમણાં અંધારાનાં.'** કેટલાક શોગિયા માણસોની હાજરીમાં આપણે નકારાત્મકતાનો અનુભવ કરીએ છીએ, જ્યારે કેટલીક પ્રસન્નચિત્ત વ્યક્તિઓના સાન્નિધ્યથી સકારાત્મકતાનું અજવાળું ફેલાઈ જાય છે. આપણી આરાધના ઘુવડના અંધકારની ન હોય, આગિયાના તેજ-તિખારાની હોવી જોઈએ.

કુદરત પર રાખનાં રમકડાં જેવા માનવોને અંધકાર અને

ઉજાસની વચ્ચે રમતા રાખે છે. અતિશય ઠંડા પ્રદેશોના લોકોએ લાંબા અને કારમા શિયાળાનો સામનો કરવો પડે છે. તેમ છતાં તેઓ માનસિક રીતે થીજી જતા નથી. દૂર ચાલ્યો ગયેલો સૂરજ ફરી આપણી નજીક આવવા લાગે છે ત્યારે આપણે ઉત્તરાયણની ઉજવણી કરીએ છીએ. યુરોપના ઘણા દેશની પ્રજા શિયાળો ઊતરવા લાગે ત્યારે દિવસો સુધી આખી રાત લાકડાં સળગાવીને ઉષ્મા અને હૂંફનું સ્વાગત કરે છે. એમને વિશ્વાસ છે કે એક લાકડું સળગતું રહેશે ત્યાં સુધી ગમે તેવી કારમી ઠંડી અને ગાઢ અંધકારનો પરાજય નિશ્ચિત છે.

મહાન દાર્શનિક પ્લુટોની એક દૃષ્ટાંતકથા છે. કેટલાક લોકોને જન્મથી જ અંધારી ગુફામાં કેદ રાખવામાં આવ્યા હતા, એમના હાથ, પગ, ગરદન, માથું સાંકળથી સજ્જડ બાંધવામાં આવ્યાં હતાં. એ કેદીઓએ ક્યારેય ગુફા બહારનું અજવાળું જોયું નહોતું. એટલું પૂરતું ન હોય તેમ એમને પડછાયાઓની ભ્રાંતિમાં જકડી દેવાયા હતા. બધા કેદીઓને એક દીવાલની સામે ઊભા રાખવામાં આવતા. એમની પાછળ એક નીચી ભીંત હતી. એ ભીંતની પાછળ મશાલ સળગાવી સામેની દીવાલ પર જુદાં જુદાં પ્રાણી-પક્ષીઓ, વૃક્ષો, ચીજો વગેરેના પડછાયા પાડવામાં આવતા. કેદીઓને ખબર જ નહોતી સામેની દીવાલ પર દેખાતાં પ્રાણી-પક્ષી સાચાં નથી, એના પડછાયા છે. અંધકારમાં કેદ લોકો પડછાયાઓને જ વાસ્તવિકતા માની લેતા હતા.

એક દિવસ એક કેદી ગુફામાંથી નાસી છૂટવામાં સફળ થયો. એણે પહેલી વાર બહારના અજવાળામાં જગતની વાસ્તવિકતા જોઈ. એના માટે અજવાળાનો અનુભવ અંધકારમાંથી મુક્તિના ઉત્સવની પહેલી ક્ષણ હતી.

માનવજાત અજ્ઞાનના કાળા યુગમાં જીવતી હતી ત્યારે જ્ઞાન અને વિજ્ઞાન આપણી મશાલ બન્યાં હતાં. અગ્નિની શોધને અંધકાર સામે વિજયની પહેલી ઘટના કહી શકાય. કળા અને ફિલસૂફીમાંથી દુનિયાએ પ્રકાશ શોધવાની મથામણ કરી છે. સૂફી કવિ રૂમીએ કહ્યું છે, 'અજવાળું આપણા જખમોમાંથી આપણી અંદર પ્રવેશે છે.' દુઃખ સુખની શોધનું પહેલું પગથિયું છે.

આજે દુનિયા પ્રકાશ અને અંધકારના વિરોધાભાસી વાતાવરણમાં ફસાઈ ગઈ છે. ભયાનક યુદ્ધો, ધિક્કાર, ભેદભાવ, જુઠાણાં, ભૂખમરો, અપમૃત્યુ, કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ, કુટિલ રાજરમતો જેવાં અંધારાં આપણને ઘેરી વળ્યાં છે. એ નિરાશાજનક પરિસ્થિતિની સમાંતરે પ્રકાશની ઘટનાઓ પણ બને છે. તબીબો કોરોના સહિત ભયાનક રોગચાળા સામે ઝઝૂમે છે. શિક્ષકો નવી પેઢીને જ્ઞાન આપવા મથે છે, ટૅકનોલોજી નવાં નવાં અજવાળાંની શોધ કરે છે. સમજાય છે કે અંધકાર પર વિજયની ઘટના એકલદોકલ ઘટના નથી, પરંતુ નિરંતર ચાલતી પ્રક્રિયા છે. દરેક પરોઢ, દરેક કોડિયું, દરેક સત્ય અને માણસાઈનું નાનુસરખું ઉદાહરણ અઢળક પ્રકાશની શક્યતા ટકાવી રાખે છે.

જ્યાં સુધી એક કોડિયું અજવાળું આપતું રહેશે, એક આગિયો ઝબૂકતો રહેશે. એક માણસ અન્યાયની સામે ઊભો રહેશે ત્યાં સુધી અંધકારને ભેદી અજવાળા સુધી પહોંચવાનો માર્ગ મળતો રહેશે. આજે આપણને અજવાળાના પોકળ આશ્વાસનની નહિ, ભીતરના અજવાળાની જરૂર છે. ચાલો, દિવાળીને ભીતરના અજવાળાની શોધનો ઉત્સવ બનાવીએ.

**—શ્રીવીનેશ અંતાણી**

**('દિવ્ય ભાસ્કર'નું સૌજન્ય)**

# દેવો અને મનુષ્યોનો આનંદ એકરૂપ કરતો તહેવાર
# ॥ દેવદિવાળી ॥

**ભગવાન વિષ્ણુ સાથે સંકળાયેલ 'દેવપોઢી' અને 'દેવઊઠી' બંને એકાદશીઓનું માહાત્મ્ય :** ધરતીલોકના માનવનું જીવન નિદ્રા (શયન) અને જાગૃતિ (પ્રબોધન), રાત અને દિવસ, અંધકાર અને પ્રકાશના શ્યામ-શ્વેત રંગોથી રંગાયું છે. દિવસે જાગ્રત અવસ્થામાં પુરુષાર્થ કર્યા પછી રાત્રે નિદ્રાધીન થવું પડે. માનવે ભગવાન ઉપર પણ આવી અવસ્થાઓનું આરોપણ કર્યું. શ્રીહરિ પણ શયન કરે છે અને પાછો જાગે છે, એવી માન્યતા પ્રવર્તિત થઈ, માથાભારે શંખાસુરને હણવાનું ભારે પરાક્રમ કરીને ભગવાન નારાયણ-વિષ્ણુ અષાઢની શુક્લ પક્ષની 'દેવપોઢી' એકાદશીએ ક્ષીરસાગરના જળમાં શેષનાગની શય્યા ઉપર શયન કરે છે, પોઢી જાય છે. ચારમાસ (ચાતુર્માસ)ની દીર્ઘ નિદ્રાના અંતે પાછા કાર્તિકના શુક્લ પક્ષની 'દેવઊઠી' (દેવ-પ્રબોધિની) એકાદશીએ આળસ મરડીને જાગે છે. મોહનિદ્રાની સુષુપ્તિમાંથી ચેતનાભરી જાગૃતિ ભણી જવાની જાણે આ યાત્રા છે !

**ભગવાન વિષ્ણુ અને તુલસીનાં લગ્નનો ભવ્ય સમારંભ :** પરમાત્માની ચાર માસની નિદ્રાવસ્થામાં પણ કથા-વાર્તા, સ્વાધ્યાય-પ્રવચન, વ્રત-પર્વ વગેરે ધાર્મિક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહેતા, ઉત્સવોથી ભરેલા ચાતુર્માસનું આયોજન કરાયું છે. ચાતુર્માસની પૂર્ણાહુતિ થતાં, શ્રીવિષ્ણુની જાગૃતિ સમયે ખેતરો નવા પાકથી ઝૂમી ઊઠ્યાં, માનવના મન-મયૂર નાચી ઊઠ્યા. લગ્નની શરણાઈઓ વગાડવા માનવ થનગની ઊઠ્યા, પણ પ્રથમ તેણે ભગવાન વિષ્ણુને પરણાવવાનો વિચાર કર્યો અને એ રીતે ભગવન વિષ્ણુ અને તુલસીનો ભવ્ય લગ્ન-સમારંભ યોજાય છે.

**'તુલસી'ના છોડનું માહાત્મ્ય :** તુલસીનો છોડ તો ધરતીલોકની કલ્પલતા સમી સંજીવની છે. વૃક્ષ-વનસ્પતિ તો ધરતીલોકનું કલ્પવૃક્ષ છે. માનવજાત ઉપર એના અનંત ઉપકાર છે. આવાં કારણોથી જ આપણા વૈદિક મહર્ષિઓ અને પુરાણકારોએ તુલસી, પીપળો, વડ, શમી વગેરે વનસ્પતિઓની પૂજા-ઉપાસના પ્રવર્તિત કરી. અનેક વૈદિક મંત્રોમાં અને 'ચરકસંહિતા' વગેરેમાં તુલસીના ઔષધીય ગુણોનું મહિમાગાન થયું છે. તુલસીનો છોડ તો સર્વોત્તમ ઔષધિ ગણાય છે.

જંતુનાશક તુલસી શરીરની આંતરિક અને પર્યાવરણની અશુદ્ધિઓ દૂર કરી દુઃખ-દર્દ હરનારી છે. તેથી આપણાં પુરાણોમાં એને 'માતા' કે 'દેવી'નું પૂજ્ય સ્થાન આપ્યું. ભગવાન પુરુષોત્તમ વિષ્ણુએ એમને હૃદયેશ્વરી પ્રિયતમ તરીકે સ્વીકાર્યાં. દેવી તુલસી 'વિષ્ણુપ્રિયા' બનીને નિત્ય એમના સંગે રહેવા લાગ્યાં. તુલસીનો મહિમા ગાવા 'તુલસીઉપનિષદ' પણ રચાયું છે. એમાં કહ્યું છે કે, તુલસીના છોડનું રોપણ, પાલન, સિંચન, દર્શન અને સ્પર્શ કરવાથી મનુષ્યોના મન, વાણી અને કાયાના તમામ રોગ દૂર થાય છે. તુલસી-પત્રોમાં સર્વ તીર્થો, નદીઓ અને દેવતાઓ નિવાસ કરે છે, એવી પૌરાણિક માન્યતા છે.

**'તુલસી'ની વિવાહકથાઓ :** પુરાણોમાં દેવી તુલસીના અનેક જન્મોની વિવાહકથાઓ મળે છે. મનુવંશના ધર્મધ્વજ અને તેની પત્ની માધવીનું કન્યારત્ન તે તુલસી. એનું બીજું નામ 'વૃંદા' છે. તેથી ઘનશ્યામ શ્રીકૃષ્ણની ભૂમિ 'વૃંદાવન' તરીકે ઓળખાઈ. યૌવનકાળે તુલસીનું રૂપ-સૌંદર્ય ખીલી ઊઠ્યું. ભગવાન વિષ્ણુને સ્વામી તરીકે પામવા એણે બદરીવનમાં કઠોર તપશ્ચર્યા આરંભી. પ્રસન્ન થયેલા બ્રહ્માજીએ વરદાન માગવા કહ્યું. તુલસીએ જણાવ્યું : પૂર્વજન્મમાં હું વૃંદાવનમાં શ્રીકૃષ્ણની પ્રિય ગોપી હતી, પરંતુ રાધાજીના શાપથી ધરતીલોક ઉપર આવી છું અને વિષ્ણુને પતિરૂપે

મેળવવા ઝંખું છું. બ્રહ્માજીએ વરદાન આપ્યું : તમે વૃક્ષોની અધિષ્ઠાત્રી દેવી બનીને શ્રીવિષ્ણુની પ્રિય પત્નીનું સ્થાન મેળવશો.

**શંખચૂડ નામના રાક્ષસની કપટ-યોજના :** થયું એવું કે બ્રહ્માના વરદાનથી શંખૂચૂડ નામના રાક્ષસે યોગીનું સ્વરૂપ ધારણ કરીને, તુલસીને પોતાની પત્ની બનાવી લીધી. શંખચૂડે માથાભારે બની દેવોની સત્તા પણ ઝૂંટવી લીધી. છેવટે દેવો શંખચૂડ સામે યુદ્ધે ચડ્યા. તુલસીના પ્રતાપે અને કંઠે શ્રીહરિના મંત્રવાળું કવચ હોવાથી શંખચૂડ હણાતો નહોતો. શ્રીહરિએ બ્રાહ્મણનો વેશ લઈ કવચ માગી લીધું અને કપટનીતિ અપનાવીને, શંખચૂડના સ્વરૂપે સીધા તુલસી પાસે પહોંચી ગયા. તુલસી એમને પતિ માની બેઠી.

શ્રીહરિએ તુલસી સમક્ષ પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું. પરંતુ તુલસીએ જણાવ્યું : પ્રભુ આજે કપટ કરીને તમે મારો ધર્મ નષ્ટ કર્યો છે. આપનું હૃદય તો પાષાણ જેવું છે. તેથી મારા શાપથી હવે તમે શાલિગ્રામ બનીને ધરતીલોક ઉપર રહો. વળી, શ્રીહરિની ઇચ્છા પ્રમાણે તુલસીના કેશમાંથી તુલસીનો છોડ જન્મ્યો. શ્રીહરિ પણ ધરતી ઉપર રહ્યા. વળી, શ્રીહરિ પણ ધરતી ઉપર શાલિગ્રામ શિલા બની ગયા.

દેવી તુલસી પોતાનું શરીર ત્યાગી, દિવ્ય દેહ ધારણ કરીને ભગવાન શ્રીહરિવિષ્ણુના વક્ષઃસ્થલ ઉપર લક્ષ્મીની જેમ શોભવા લાગ્યાં. તુલસી વિષ્ણુપ્રિયા બની ગયાં. આ કારણે ધરતી ઉપર વૈષ્ણવો વિષ્ણુસ્વરૂપ શાલિગ્રામની પૂજા કરે છે. એના ઉપર તુલસીપત્ર ચડાવે છે અને તુલસીમાળા ધારણ કરે છે. ઘેરઘેર ‘તુલસીક્યારો’ રચાય છે.

**માનવો દ્વારા ઉજવાતો ‘તુલસીવિવાહ’નો ઉત્સવ :** ‘તુલસીવિવાહ’નો ઉત્સવ વિશાળ સંખ્યામાં નર-નારીઓની હાજરીમાં મંદિરોમાં કે કોઈ યજમાનના ઘેર લગ્નની તમામ વિધિઓ

કરીને ઊજવાય છે. લગ્નની કંકોત્રીઓ લખાય છે. ઠાઠમાઠવાળો મંડપ રચાય છે. શાલિગ્રામ સ્વરૂપ વિષ્ણુનો ભવ્ય વરઘોડો જાનૈયાઓ સાથે કઢાય છે. માંડવે ભગવાનનાં પોંખણાં થાય છે.

તુલસીને માંયરામાં પધરાવાય છે. અગ્નિદેવની સાક્ષીએ વિષ્ણુતુલસીના મંગળફેરા થાય છે. કન્યાદાન કરાય છે. શેરડી પાકીને તૈયાર થઈ ગઈ હોવાથી એનો સ્વાદ ભગવાન સૌપહેલાં માણે તે હેતુથી ભગવાનના મુખ આગળ શેરડી ધરાય છે. ભોજન લઈ જાન વિદાય લે છે, ઠાકોરજી અને તુલસીને મંદિરમાં પધરાવાય છે.

**દેવલોકમાં 'દેવદિવાળી' :** ધરતીલોક ઉપરના માનવો આસો વદ અમાસે દિવાળી ઊજવે છે. તો વૈકુંઠલોકમાં કાર્તિક સુદ પૂર્ણિમાએ દેવો દિવાળી મનાવે છે. દેવલોકમાં 'દેવદિવાળી' ઊજવવાનો કારણ-સંબંધ દેવઊઠી એકાદશી અને વિષ્ણુ-તુલસીના વિવાહ સાથે છે. વિષ્ણુના તુલસી સાથે વિવાહ થયા પછી તેઓ પૃથ્વીલોક ઉપરથી સ્વધામ વૈકુંઠલોકમાં પધારે છે. આ પધરામણીના મંગળ ઉત્સવ દેવલોકના દેવો ભેગા મળીને વિષ્ણુ-તુલસીનું સ્વાગત કરે છે. આવા આનંદનો ઉત્સવ દીપમાળાઓ પ્રગટાવીને પ્રગટ કરે છે.

આમ, કાર્તિક સુદ પૂર્ણિમાનો દિવસ 'દેવદિવાળી'રૂપે સ્થાપિત થયો. પૃથ્વીવાસીઓ પણ દેવદિવાળીના દિવસે દીપકો પ્રગટાવીને, ફટાકડા ફોડીને દેવોના આનંદ-ઉલ્લાસમાં સહભાગી બને છે. જાણે દેવલોક અને મનુષ્યલોકનો સંગમ રચાય છે, દેવો અને મનુષ્યોનો આનંદ એકરૂપ બની જાય છે, દેવો અને મનુષ્યોમાં ભાવાત્મક સંબંધ બંધાય છે, જીવ અને જગદીશમાં કોઈ ભેદ રહેતો નથી, અદ્વૈત સધાય છે. 'સનત્કુમાર સંહિતા' જેવા ગ્રંથોમાં દેવદિવાળીના જુદા પ્રકારની કથા મળે છે. એમાં દેવદિવાળીને 'ત્રિપુરોત્સવ' કહ્યો છે.

**–ડૉ.મણિલાલ પ્રજાપતિ**

## ।। સ્મરણયાત્રા ।।

૧૯૮૨ના અંતિમભાગમાં પૂ.શ્રીનો પાલનપુરમાં પ્રવચન પ્રવાસ ચાલી રહ્યો હતો. પાલનપુરના પ્રસિદ્ધ સમાજસેવક શ્રીઈશ્વરભાઈ શાહ સાથે વાતો કરતાં તેમણે પૂ.શ્રીને કહ્યું : 'આપને પૂ.માતાજીની સ્મૃતિમાં વિશ્રામગૃહ માટે જમીન જોવાની ઈચ્છા છે તો અંબાજીમાં પણ આપણે જોઈએ.'

અને પૂ.શ્રીએ અંબાજીમાં જ, પાંચ જમીન જોઈ અને અહીં આ જમીન પસંદ કરી.

તે પછી જમીન ખરીદાઈ ગઈ. નકશા તૈયાર થયા. શા માટે ?

પૂ.શ્રી તથા પૂ.માતાજી એ વરસો સુધી યાત્રા કરી વિવિધ સ્થળોમાં વિશ્રામગૃહમાં જ ઉતરતાં હતાં. તો અનુભવના આધારે પૂ.શ્રીએ વિચાર્યું કે પૂ.માતાજીની સ્મૃતિમાં એક સારું વિશ્રામગૃહ સમાજને આપવું જોઈએ.

પૂ.શ્રીની સાધના દરમ્યાન વિવિધ સ્થળોમાં રહેવાનું બન્યું જે મુશ્કેલીઓ એમને પડી તેવી સાધકોને ના પડે એવા એક હેતુથી વિશ્રામગૃહ સાથે સાધનાકુટિરોનું પણ નિર્માણ થાય એવી ઈચ્છા વ્યક્ત કરી.

આ જમીન ઉપર યાત્રીઓને રહેવાની સુવિધા તથા સાધકો આવી સાધના કરે એવું ઉત્તમ સ્થાન બને.

એટલે જ જ્યારે ૧૯૮૩માં સત્યપથમાં શ્રીમહેતા સાહેબ નકશા લઈને આવ્યા ત્યાર પૂ.શ્રીએ દરેક સાધકને એક અલગ અલગ કુટિયા મળે તેમાં નાનકડો પોતાનો બાગ મળે, નાનકડું પોતાનું રસોડું મળે.

એ વાત સાંભળી શ્રીમહેતા સાહેબે કહ્યું : 'મહાત્માજી આપણી પાસે જેટલી જમીન છે, તેમાં માત્ર દસ ઓરડાઓ જ થઈ શકશે.'

અને આ વાત ત્યાં જ વિરામ પામી. તે પછી ગુજરાત અને વિદેશના નાનાં મોટાં સર્વ સ્વજનોએ પોતાનું નાનું મોટું યોગદાન આપવાનું શરૂ કર્યું. અરે ખેડબ્રહ્માના મંદિરે પરબ ઉપર પાણી પાનાર જીવીબેને પણ અહીં પોતાનું યોગદાન આપ્યું.

અહીં પાયામાં જાણીતા, અજાણ્યા, નાના મોટા સૌની શુભભાવના પથરાઈ અને ૧૯૮૪માં ૧૫ ઑગસ્ટે ભૂમિપૂજન થયું. આર્થિક અનેક મુશ્કેલી વચ્ચે દસ ઓરડા તૈયાર થયા. ૧૯૮૬ ગુરુપૂર્ણિમાએ સ્વર્ગારોહણનું ઉદ્‌ઘાટન થયું. શ્રીબાલુભાઈની સેવા સાથે એની સંભાળ શરૂ થઈ.

દસ ઓરડા, એક નાનું ભોયરું અને ઉપર એક નાનો પ્રાર્થનાખંડ, એક નાનો 'મા'નો નિવાસ. આ પ્રારંભનું સ્વર્ગારોહણ.

૧૯૮૪ ઑગસ્ટથી ૧૯૮૬માં ઘણા બધા મહિનાઓ 'મા' પેલા પંચાલભવનમાં ઉતરતાં ને ત્યાંથી દરરોજ ૪, ૫ સ્વજનો સાથે સ્વર્ગારોહણ આવતાં. સખત તાપથી બચવા ચાર વાંસ રોપી છાંયડો કર્યો. તે પછી ખજૂરીના પાનવાળી કુટિયા જેવું કર્યું. જ્યાં બેસી અનેક જપ, પારાયણ થયા પેલા દસ ઓરડાની ચણાતી દરેક દિવાલ ઉપર બેસીને બાવનીઓ થઈ. તેને પાણી પાવાનું પણ થતું. બાંધકામ કરનાર સેવકોને દરમહિનાની ૧૮મી તારીખે પ્રસાદ આપવાનું પણ શરૂ થયું.

શ્રીબાલુભાઈએ પણ આદિવાસી બાળકો પાસે ધૂન ગવડાવી, ભેગા કરી 'અંબે માતકી જે' બોલાવતા બોલાવતા તેમના આરોગ્યની ચિંતા કરી તેમને દવા લગાડી આપવાનું શરૂ થયું અને તે પછી તો તેમને પણ પ્રસાદ આપવાનો શરૂ થયો.

આ બધા વીતેલાં વર્ષોના સ્મરણો આજે અહીં પૃષ્ઠો ઉપર લખાઈ રહ્યાં છે. સ્વર્ગારોહણના પાયામાં જે જે પથરાયું છે તેને તેને વાગોળવાનું કાર્ય આજે પરમસખા કરાવી રહ્યા છે.

વરસો વીતી ગયાં. આ સંકલ્પભૂમિ ઉપર મહાપુરુષના આશીર્વાદથી પૂ.માતાજી જ્યોતિર્મયીની અમીદૃષ્ટિથી વિકાસ થતો જ રહ્યો.

આજે તો સાધનાકુટિરના પૂ.શ્રીના સ્વપ્નનું સાકાર સ્વરૂપ આખું જ જાણે સ્વર્ગારોહણમાં વિસ્તાર પામ્યું છે.

પ્રવેશતાં જ પૂ.શ્રી સૌને સત્કારે છે. સૌને પૂ.શ્રી નિયમો સાથે સાધના કરવા સજ્જ કરે છે. સૌને સાધનાની, નિવાસની, ભોજનની ઉત્તમ સુવિધા મળી રહી છે.

ગુજરાતમાં સાધના માટેનું આવું ઉત્તમ સ્થળ પૂ.શ્રીએ આપણા માટે જ તૈયાર કર્યું છે. એ સ્થળમાં અનેક સત્કર્મો થતાં રહ્યાં છે. વરસોથી વિવિધ પર્વો ઉજવાતાં રહે છે. સાધકો અહીં સાધના પણ કરી રહ્યા છે. આપણી જપ, તપ ને નિયમોથી સજાવેલી પ્રવૃત્તિ દ્વારા એ ધરતી ઉપર સાધનાની સુગંધ પ્રસરાવી છે.

સ્વર્ગારોહણમાં પધારતા સૌ પૂ.શ્રી તથા પૂ.માતાજીના શ્રદ્ધાળુ બાળકો છે. એટલે કે સ્વર્ગારોહણ સૌનું છે. અહીં આવનાર સૌની એક પવિત્ર ફરજ પણ છે.

(૧) સાથે મળીને સ્વચ્છ રાખીએ

(૨) સાથે મળીને પવિત્ર રાખીએ

(૩) સાથે મળીને શિસ્ત પાળીએ

(૪) સાથે મળીને નિયમો પાળીએ

અને સાથે મળીને સ્વર્ગારોહણને સાચવીએ સંભાળીએ. સ્વર્ગારોહણ આપણું પોતાનું એક મોટું ઘર છે. એમ માની એ ઘરે વારંવાર આવતાં રહેવાનું પણ નક્કી કરીએ.

અહીં આ સ્વર્ગારોહણમાં સંસ્થાએ જે જે નિયમો બનાવ્યા છે તે તે ગુરુદેવે બનાવ્યા છે એ નિયમો શ્રી ગુરુદેવનો પ્રસાદ છે એમ માનવાનું છે.

આપણે ઘરે સુખસગવડ વચ્ચે જીવવા વરસોથી ટેવાયેલા છીએ. આપણા એ જીવનથી જરા ઊંચી જાતનું સાત્ત્વિક નિયમો, શિસ્તવાળું જીવન જીવવા માટે આપણી પાસે સ્વર્ગારોહણનો મંચ છે.

આપણે પ્રભુના પંથના પ્રવાસી છીએ તો આપણી જિંદગીને શિસ્ત ને નિયમોથી સજાવવી પડશે તો આવો. સ્વર્ગારોહણ અને ઘર કરતાં જુદું, સાત્ત્વિક નિયમોથી ભરેલું જીવન સ્વર્ગારોહણમાં જીવી લઈએ.

આપણે થોડીક ઘરની સુખસગવડનો ત્યાગ કરી સ્વર્ગારોહણમાં શિસ્ત સાથેનું જીવન જીવવાનું છે. એ જીવનમાં પોતાની જાત ઉપર સંયમ, પોતાના વિચારો ઉપર સંયમ, પોતાની ટેવો ઉપર સંયમ અરે ઘરની વિવિધ વાનગીઓ ને આરોગવાની ટેવ ઉપર સંયમ, પોતાની પદ પ્રતિષ્ઠા, અહંકારનો પણ ત્યાગ કરી <u>—સાધક તરીકેનું જીવન જીવવા સજ્જ થવા માટે જ સ્વર્ગારોહણ આવવાનું છે.</u>

પ્રવેશદ્વારે જ આવકારતા પૂ.શ્રી ઊભા જ છે તો આપણા પોતાના આત્મિક વિકાસ માટે, કલ્યાણ માટે જ સ્વર્ગારોહણ આવવાનું છે.

અહીંની ધરતીમાં પૂ.શ્રીની સંકલ્પશક્તિ ને આશીર્વાદ ભરેલી વિશેષ ઊર્જા પથરાયેલી છે તેને જપ, તપથી જગાડીને આપણા આત્મિક વિકાસમાં કામે લગાડવાની છે.

સ્વર્ગારોહણમાં આવનાર સૌ આપણાં જ ભાઈબેન છે. સૌ સાથે પવિત્ર, સાત્ત્વિક, સન્માન સાથે નમ્રતા ને પવિત્ર પ્રેમ સાથે રહેવાનું છે.

આ પવિત્ર સ્થળે શ્રીગુરુદેવ પ્રભુનું જ અખંડરાજ છે. આપણું એક પણ નાનું કે મોટું વર્તન એ ગુરુદેવ પ્રભુની પૂજા જેવું પવિત્ર હોવું જોઈએ.

સ્વર્ગારોહણની ધરતીનો મહિમા મસ્તકે ચઢાવી શ્રીગુરુદેવના આશીર્વાદ પામવા પ્રેમથી વારંવાર પધારો. જપો. તપો. માનવદેહે સાધના ને સેવા કરવાની સોનેરી તક અહીં જ મળે છે ને મળશે અહીં ક્યાંયે કોઈનો વિશેષ હક નથી આ તીર્થક્ષેત્રે સૌને સરખો સેવાનો લાભ આપવાનો છે.

આજે આ કલમ દ્વારા પૂ.શ્રી સ્વર્ગારોહણની ભૂમિની વિશેષતા વર્ણવી રહ્યા છે.

વીતેલાં વરસોના સ્મરણો સાથે પૂ.શ્રી સમજાવી રહ્યા છે. શીખવી રહ્યા છે. સજ્જ કરી રહ્યા છે.

આપણે સૌ નવા વરસે નિયમોથી, શિસ્ત સાથે સજાવેલું જીવન પ્રભુના શ્રીચરણોમાં અર્પણ કરી શકવાની શક્તિ માગીએ.

સામાન્ય જીવનમાંથી સાધકનું જીવન જીવવા મથામણ કરી લઈએ. અહીં આવતાં સૌ ભાઈબેનો સાથે પ્રેમ ને ક્ષમાના શસ્ત્રે નમ્રતા ને સ્વમાન સાથે જીવતાં શીખવાનું નક્કી કરીએ. આપણું હરિમય જીવન શ્રીગુરુદેવ પ્રભુને અર્પણ કરવાનો નિશ્ચય કરી લઈએ.

આ સર્વ પ્રવૃત્તિઓ માટે પૂ.શ્રી તથા પૂ.માતા જ્યોતિર્મયી પાસે આશીર્વાદ માગીએ આ ધરતીનો મહિમા જાણી તેનો લાભ લેવા વારેવારે અહીં આવવાની તક મળે એવી પ્રાર્થના કરીએ.

આપણા પરિવારના વૃદ્ધ, વડીલો, માતાપિતા સૌની હાશ લઈએ. સેવાથી પ્રસન્ન રાખીએ સુખ શાંતિ આનંદે મઢેલી જિંદગી આપો એવી પરમાત્મા પાસે માગણી કરીએ :

'સ્વર્ગારોહણનું દર્પણ, ઓળખપત્ર આપણે જ બની જઈએ એવી કૃપા કરો. આશીર્વાદ આપો.'

'હે પ્રભુ ! આપના પાવન શ્રીચરણોમાં પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.'

**–શ્રી'મા' સર્વેશ્વરી**

# ।। સ્વર્ગારોહણ તીર્થમાં દીપોત્સવી પર્વ ।।

## (તા.૧૮/૧૦/૨૦૨૫ થી તા.૨૩/૧૦/૨૦૨૫)

દીપોત્સવી પર્વ ૨૦૨૫–'સ્વર્ગારોહણતીર્થ'માં વર્ષોથી ઉજવાય છે. અને ઉજવીએ છીએ તેમજ સાથે સાથે સત્કર્મ તેમજ સાધનાપર્વ પણ ઉજવવામાં આવે છે. પૂજ્ય શ્રી'મા'ની પ્રત્યક્ષ હાજરી હોય તો 'સ્વર્ગારોહણ'તીર્થની વાત અલગ જ હોય છે. પૂજ્ય શ્રી'મા' સ્વર્ગારોહણતીર્થનાં આંગણે નિત્ય પ્રભાતે આવતાં હૂંફનાં હકદારો માટે સત્કર્મનું આયોજન કરાવતાં હોય છે. પડોશમાં રહેતા રબારી પરિવાર પ્રત્યે પાડોશી ધર્મ બજાવવાનું યાદ કરાવતા રહે છે.

પૂજ્ય શ્રી'મા' સત્કર્મ તો કરાવતાં રહે છે. પણ સાથે સાથે દરેક પરિવારને એકસરખો પ્રસાદ મળી રહે તે માટે પણ માર્ગદર્શન આપતાં રહે છે. દર વર્ષે દીપોત્સવી પર્વમાં એક જ પરિવાર ૫ દિવસ પ્રસાદ લેવા આવતા હતાં. એટલે કે એ મહિનામાં જે પરિવારોનો સમૂહ આવતો હોય તેને જ તે પ્રસાદ પ્રાપ્ત થતો. પરંતુ આ વર્ષે આ પ્રણાલિકામાં પૂજ્ય શ્રી'મા'એ થોડો ફેરફાર કરાવ્યો કારણ આપણી પાસે લગભગ ૧૦૫૦ હૂંફનાં હકદારોની યાદી બનાવેલી છે. તે સૌને ફોનથી સંપર્ક કરી ૬ (તા.૦૯/૧૧/૨૦૨૫ પૂજ્ય શ્રી'મા' પ્રાગટ્યપર્વ નિમિત્તનું સત્કર્મ) દિવસમાં રોજ રોજ અલગ પરિવારનાં સભ્યો પ્રસાદ પામે તેવું આયોજન કરાવ્યું જેથી લગભગ ૭૨૦ પરિવારો તેમાંથી પ્રસાદ પામ્યા. અને હૂંફનાં હકદારો હાશ પામ્યા.

પૂજ્યશ્રી'મા'ની આજ્ઞા મેળવી લગભગ દરેક સાધકોને

સંદેશો મોકલ્યો હતો કે જે જે સાધક હૂંફનાં હક્કદારો માટે સત્કર્મ કરવા ઈચ્છતા હોય તો તે સૌ પરિવાર દીઠ વધારેમાં વધારે ૩૦૦૦/– અને એક વ્યક્તિ દીઠ ૧૦૦૦/–ની શ્રીલક્ષ્મી દાન માટે 'સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ'માં ઓનલાઈન દાન જમા કરાવી શકે. પૂજ્ય શ્રી'મા'નાં અનન્ય કૃપા આશીર્વાદથી માત્ર બે કે ત્રણ દિવસમાં જ દાનની રકમ સ્વીકારવાની બંધ કરવી પડી. કારણ આપણે નક્કી કરેલ ખર્ચની શ્રીલક્ષ્મી રૂપિયા પાંચ લાખ જેટલી જમા થઈ ગઈ હતી. ઘણા બધા સાધકો/સ્વજનો એ સત્કર્મથી વંચિત પણ રહ્યા. પણ એનો કોઈ ઉપાય નહોતો. ફરી બીજા સત્કર્મમાં આપનો સમાવેશ કરીશું તેવા આશ્વાસન આપતા રહેતા એટલે સાધકે હંમેશા જાગ્રત રહેવું પૂજ્ય શ્રી'મા'ની યુવાસેનામાં આવતાં સંદેશા જોતાં રહેવું જેથી આપ આ લાભથી વંચિત ના રહી જાવ.

પૂજ્ય શ્રી'મા'એ દીપોત્સવી પર્વ ૨૦૨૫ પહેલાં એક જરૂરી સૂચન પણ મૂકાવ્યું હતું તે નીચે મુજબ હતું. પૂજ્ય શ્રી'મા' સતત બધાંને જાગ્રત રાખે છે. તે નીચેની વાતથી સૌને સમજાશે જ.

પૂજ્ય શ્રી'મા' કહે છે. દિવાળીપર્વે 'સ્વર્ગારોહણ'તીર્થમાં રોશની, તોરણો, દીવડાં, રંગોળી, સરસ પ્રસાદથી એ પર્વ ઉજવીએ છીએ અને ઉજવીશું. પણ પૂજ્ય શ્રી'મા' કહે છે. યાદ રાખીએ કે 'સ્વર્ગારોહણ'તીર્થમાં સ્ટોરરૂમમાં જેટલાં સજાવટનાં સાધનો છે તે પૂરતાં છે. જે આપણી પાસે છે તે પૂરતાં છે. જે આપણી પાસે છે. તેનાથી જ 'સ્વર્ગારોહણ'તીર્થની બહારની સજાવટ કરીશું.

આપણે સૌ એ ફંડ/ખોટા નવા ખર્ચા કરવાનાં નથી જે જે છે

તે તે પદાર્થોથી જ ‘સ્વર્ગારોહણ’તીર્થને સરસ સજાવીશું.

આપણે સૌ ‘સ્વર્ગારોહણ’તીર્થને બહારથી સજાવીશું. ભાવતાં ભોજન પામીશું. સાથે સાથે પોતાની જાતને પણ વિશેષ સાધનાથી સરસ સજાવીશું.

પૂજ્ય શ્રી‘મા’એ આપણે સૌને સુંદર સમજ આપી છે. કે શણગાર શેના કરવાના છે ? શ્રી ગુરુવચનમાં નિષ્ઠા એજ એકમાત્ર ગુરુ ઉપાસના એમ સમજવું જોઈએ એમ મને લાગે છે.

સૌ સાધકો/સ્વજનો દ્વારા ‘સ્વર્ગારોહણ’ તીર્થને સરસ રીતે ઉપલબ્ધ શણગારનાં સાધનોથી સજાવ્યું હતું. શ્રીકીર્તિબેન કલોલા તેમજ અન્ય બહેનો દ્વારા સરસ રીતે રંગોળી પણ પૂરવામાં આવી હતી. અને ભાઈઓ દ્વારા રોશની અને બીજા શણગાર હૉલમાં તેમજ કુટિયાના માર્ગ પર બન્ને બાજુ કરવામાં આવ્યો હતો.

પૂજ્ય શ્રી‘મા’એ ‘સ્વર્ગારોહણ’તીર્થમાં તા.૧૮/૧૦/૨૦૨૫ થી તા.૨૩/૧૦/૨૦૨૫ સુધી ‘સ્વર્ગારોહણ’તીર્થમાં ઉપલબ્ધ શાસ્ત્રોના પઠન માટે સૂચન કરેલ હતું તે પ્રમાણે નિત્ય વિવિધ દેવોની સ્તુતિ કે પાઠનાં પારાયણ થતા પરંતુ પૂજ્ય શ્રી‘મા’એ જેમ શિવપૂજન માટે એક સરસ માનસપૂજા આપણને સૌને સમજાવી એક નવી ક્રાંતિ સર્જી દીધી તેમ આ વર્ષે પૂજ્ય શ્રી‘મા’નાં કૃપા-આશીર્વાદ અને દિવ્ય પ્રેરણાથી પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુની માનસપૂજાનું આયોજન થયું તેનો ક્રમ નીચે મુજબ છે.

### પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુની માનસપૂજાનો ક્રમ

પ્રારંભ :—નવ મંત્રગાન.

૧. માનસ પૂજા—પૂજ્ય શ્રી'મા' રચિત 'તેજપૂંજથી પ્રગટો હે પ્રભુ !'

૨. માળા—ૐ યોગેશ્વરાય નમઃ ૐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ

૩. જે ચૈતન્ય ચરાચરે.....વંદનાષ્ટક

૪. ૧ માળાઃ—ૐ યોગેશ્વરાય નમઃ ૐ 'મા'સર્વેશ્વર્યૈ નમઃ

૫. જે ચૈતન્ય ચરાચરે....વંદનાષ્ટક

૬. માળાઃ—ૐ યોગેશ્વરાય નમઃ

૭. પૂજ્ય શ્રી ગુરુભગવંતની સ્તુતિ (બાવની)

૮. માળાઃ—ૐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ

૯. પૂજ્ય શ્રી'મા'ની સ્તુતિ(બાવની)

૧૦. સ્તુતિ—જય જય ગુરુદેવ

૧૧. જે દેવી બધા જીવોમાં...

૧૨. ક્ષમાપનસ્તોત્ર

૧૧ પ્રણામ

પૂજ્ય શ્રી ગુરુભગવંતની આ માનસપૂજા એ આ દીપોત્સવી પર્વનો સર્વોત્તમ પ્રસાદ જેને જેને સારો લાગે તે તેને ઉપર મુજબ કરી નિત્ય પામી શકે છે.

આ દીપોત્સવી પર્વમાં પૂજ્ય શ્રી'મા' દિવ્ય સ્વરૂપે સતત સાથે જ હતાં તેમ પ્રતીત થતું. પૂજ્ય શ્રી'મા'એ ધનતેરસના દિવસે એક સરસ પત્રપ્રસાદી સૌને ધરી હતી અને પ્રસાદી સૌને જગાડનારી હતી. આપણે કયા ધનની પૂજા કરવાની છે તેની સ્પષ્ટ સમજ પૂજ્ય શ્રી'મા'એ તેમાં આપી છે. આપણે સૌએ આ પ્રસાદી રોજે રોજ પઠન કરવા જેવી છે. સ્મરણમાં રાખવા જેવી છે. આપણા

મનની નબળાઈઓ કદાચ તેના થકી દૂર થશે જ અને સાચા ધનને પ્રાપ્ત કરી શકીશું એવી મને અખૂટ શ્રદ્ધા છે જ.

પૂજ્ય શ્રી'મા'એ તા.૧૯/૧૦/૨૦૨૫ના રોજ દિવાળી પર્વ નિમિત્તે ફરીથી એક પત્રપ્રસાદી 'સ્વર્ગારોહણ'તીર્થનાં સૌ સ્વજનો માટે પ્રસાદમાં પીરસી હતી.

પૂજ્ય શ્રી'મા' એટલા પ્રસન્ન હતાં કે ન પૂછો વાત ! પૂજ્ય શ્રી'મા' નિત્ય નવી પદપ્રસાદી 'સ્વર્ગારોહણ'તીર્થમાં હાજર સૌ સ્વજનો માટે મોકલતાં શ્રીમધુબેન દ્વારા તેને સૌ ભક્તો સમક્ષ રજૂ કરતાં અને સૌને તે પદોને માણવાની ખૂબ મજા પડતી હતી. એટલા સરળ અને સૂચક પદો દ્વારા પૂજ્ય શ્રી'મા' સૌને આધ્યાત્મિક જીવનમાં એકડો ઘૂંટાવતાં હતાં તેમ લાગતું.

ભાઈ રથીએ તમામ પદોને પહેલાં વાંચી પદના દરેક શબ્દો સાથે મૈત્રી કરાવતો અને પછી દરેક પદને એની સમજ પ્રમાણે સમજાવતો અને ત્યાર બાદ તેને પોતાનો કંઠ આપી સૌને પદની મસ્તીમાં મસ્ત કરી દેતો. પૂજ્ય શ્રી'મા' યાત્રામાં જવા નીકળ્યાં હતાં. અને પૂજ્ય શ્રી'મા'એ ઍરપોર્ટ પરથી પણ પદપ્રસાદી મોકલી હતી.

પૂજ્ય શ્રી'મા'એ આ દીપોત્સવી પર્વ–૨૦૨૫ની સૌથી સરસ પત્રપ્રસાદી 'સ્મરણયાત્રા'ની તા.૨૦/૧૦/૨૦૨૫નાં રોજ ધરી હતી. આ 'સ્વર્ગારોહણ'તીર્થના સર્જનહાર અને 'સ્વર્ગારોહણ'તીર્થની અવનવી સ્મરણપ્રસાદી પૂજ્ય શ્રી'મા'એ ધરી હતી. શ્રીરાજુભાઈએ એ 'સ્મરણયાત્રા' પૂજ્ય શ્રી'મા'ની આજ્ઞાથી સૌને બે વખત કરાવી હતી. જે આવે તે જ પામે તે વાક્યને પૂજ્ય શ્રી'મા'એ જાણે સાર્થક કર્યું. જે જે આવ્યા તે સૌને

આ પ્રસાદ ચાખવા મળ્યો હતો. આપણે આપણી વ્યસ્તતા અથવા સામાજિક જવાબદારીઓ તેમજ પારિવારિક પ્રસંગોને લીધે ઘણીવાર ઘણો બધો લાભ ગુમાવતા હોઈએ છીએ તેમ મને પ્રતીત થયું.

'સ્વર્ગારોહણ'તીર્થમાં ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું તે ઉપરાંત દિવાળીના દિવસે રાત્રે મહાઆરતીનો લાભ સૌને મળ્યો. વિદેશથી આવેલ શ્રી જયેશભાઈ તરફથી હૂફનાં હકદારો માટે પોતાના તરફથી પગરખાં લાવી સૌને આપ્યા હતાં તેમજ 'સ્વર્ગારોહણ'તીર્થનાં ભક્તો માટે પણ અલગ અલગ પ્રસાદ લાવતાં અને પોતાના હાથે સૌને વિતરણ કરતાં ઘણા વર્ષોથી એમની પ્રાર્થના હતી શ્રી લક્ષ્મી સ્વીકાર કરવા અંગે તો પૂજ્ય શ્રી'મા'એ એમની પ્રાર્થનાના પોકારો સાંભળ્યા અને એમને તે સત્કર્મ કરવાની તક આપી. વિદેશની ધરતી પરથી સીધા 'સ્વર્ગારોહણ' પધાર્યા અને સેવાકાર્યમાં સહભાગી થયા સરળ અને સહજ સૌને સાથે સરળતાથી હળી મળી ગયા. મૂક સેવક પૂજ્ય શ્રી'મા'માં અનન્ય શ્રદ્ધા, ભક્તિ અને સમજ ! જાણે પૂજ્ય શ્રી'મા'નો એક અનન્ય સાધક સ્વજન.

'સ્વર્ગારોહણ' પધારેલા સૌ સ્વજનોને આ તીર્થનો વિશેષ પ્રસાદ પ્રાપ્ત થયો હતો. તીર્થના દ્વારે ૨૪X૩૬૫ આપણેં સૌ માટે ખડે પગે ઊભા રહેલા, પ્રેમથી આવકારતા તીર્થનાં દેવ પૂજ્ય શ્રીપ્રભુને પ્રણામ કરી ધન્યતા અનુભવતા સૌ વિદાય થયા.

**–શ્રીઅશ્વિન કાકા**

## ॥ "યોગદર્શન" ॥

પુરાતન, પવિત્ર અને હિમાલયના પુણ્ય સ્થાન ઉપર બેસી હવે આપણે યોગ-દર્શન ઉપર ચર્ચા વિચારણા કરીશું. યોગ દર્શનના સૃષ્ટા મહર્ષિ પતંજલિ મહાજ્ઞાની હતા. માત્ર ભારતના જ નહિ પરંતુ વિશ્વના પણ ગૌરવના કારણ હતા. મૂળ પુસ્તક સંસ્કૃત ભાષામાં લખાયું છે. આ પુસ્તકમાં મહર્ષિએ પોતાના વ્યક્તિગત યોગદર્શનના અનુભવોને કંઈક વિશેષ મૌલિક સિદ્ધાંતો અને આલોચનાના રૂપમાં સૂત્રબદ્ધ કર્યું છે. યોગની સાધનામાં શ્રદ્ધાળુ સાધકો માટે આ સૂત્રો ખૂબ ઉપયોગી નીવડે છે. એમની પ્રગતિમાં આ સૂત્રો માર્ગ-દર્શન અને પ્રકાશ અર્થે છે. આપણે આ પુસ્તકને લખતાં પૂર્વે મહર્ષિ પતંજલિને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. અને વંદના કરી એમના આશીર્વાદને પ્રાપ્ત કરવા માંગીએ છીએ. જેના કારણે આપણે આ પવિત્ર જીવન ધ્યેય મૃદુલ અને સરળ બની શકે. સૌથી પ્રમુખ વાત એ છે કે આ પુસ્તક જેને આપણે હાથ ઉપર લીધું છે, આશીર્વાદ ને એવી રીતે લાવશે જાણે કે વરસાદ વરસી રહ્યો હોય. આ આશીર્વાદો એ મહાન યોગીઓ પાસેથી મળશે જે ભારત અને વિદેશમાં, પ્રાચીનતમ કાળમાં, ભૂતકાળમાં અથવા વર્તમાન કાળમાં, પ્રસિદ્ધ અને ગુપ્ત, નાના અને મોટા છે. આ આશીર્વાદ વડે આપણું કાર્ય ખૂબ જ સુગમ થઈ જશે.

જેમ ભગવદ્‌ગીતા અને ઉપનિષદોના પ્રગાઢ વેદાંતને સમજવું અઘરું છે. એવી રીતે યોગ-દર્શનના તત્ત્વજ્ઞાનને સમજવું સરળ નથી. આ પુસ્તકમાં યોગીએ સ્વયંના સૂત્રો દ્વારા લોકસિદ્ધાંતોના સારને, બહુવિધ વિચારો દ્વારા પ્રગટ કર્યો છે.

સરળ અને પ્રવાહમય ગુજરાતી ભાષામાં આવા કઠિન અને જટિલ સૂત્રોનો અનુવાદ કરી સમજાવવું ખૂબ જ કઠિન છે. આ સૂત્રો જ્ઞાની અને અનુભવી યોગીઓ માટે પણ જટિલતા ઉત્પન્ન કરે છે. તો મારા જેવા સામાન્ય માણસનું તો કહેવું જ શું ? ના તો હું કોઈ નાનો મોટો પંડિત છું, ના કોઈ મોટો સાધક. મારી દશા કવિ કાલિદાસ જેવી છે. જેણે ''રઘુવંશોના ચરિત્રો''ની રચના કરી હતી. એણે કહ્યું હતું કે ''મારી હાલત મહાસમુદ્ર વચ્ચે નાની નાવડીમાં તરવૈયા અથવા વેંતિયા જેવી છે જે લાંબા વૃક્ષોના મૂળોને તોડવાની ઈચ્છા ધરાવે છે.'' પરંતુ હું પ્રાર્થના કરું છું કે વિશાળ મનવાળા મહાજ્ઞાની યોગી અને પંડિત લોકો જે આ પુસ્તકથી સંતોષ મેળવશે, કારણ કે એ શ્રેષ્ઠ યોગ્યતાઓને અભિનંદન કરે છે. અને સારાં પુસ્તકોને ઓળખવાની કોશિશ કરે છે. વિકસિત યુવાન યોગીઓને પ્રોત્સાહન અર્પે છે. કયાં મારું કિંચિત પરિમિત જ્ઞાન અને કયાં મહર્ષિ પતંજલિની એ પ્રસિદ્ધ પુસ્તક ''યોગ દર્શન''. છતાં એ રૂપમાં એક સમસ્યા એ છે કે હું પોતાના વિચારો આ સૂત્રો ઉપર લખવા માટે કેવી રીતે આકર્ષાયો ? પરંતુ મને ખુલ્લા દિલે કહેવા દો કે મે આ કાર્ય પોતાના અંદરુની સંતોષને પોષવા માટે અપનાવ્યું છે. આ પ્રકારનાં તાત્ત્વિક પુસ્તકો વહેતી પવિત્ર ગંગા જેવાં છે, જેમાં ડૂબકી મારી હું સ્નાન કરી શકું અને મનની શાંતિને પ્રાપ્ત કરી શકું અને કોઈ પ્રત્યક્ષ યા પરોક્ષ રૂપે અહીંથી ફાયદાઓ મેળવી શકું. આ પુસ્તકને લખવા પાછળ આ પણ એક મુખ્ય ઉદ્દેશ્ય છે.

આ પુસ્તકના લખવા પાછળ મારો બીજો ઉદ્દેશ્ય છે—યોગ સાધના માટે મારો સર્વાધિક પ્રેમ અને ગૌરવ. પહેલાંથી જ મને યોગદર્શન ઉપર એના આદર્શો અને વિધાનો ઉપર વધુને વધુ ગૌરવ રહ્યું છે. મને યોગીઓ પ્રત્યે ઘણો જ આદર છે. ઈશ્વરની

કૃપાથી મને ઘણા બધા યોગીઓનો સંબંધ અને સહજીવન મળ્યું છે. વિચારોનાં આદાન-પ્રદાન માટે આ સૂત્રો ઉપર મારા વિચારોને લખવાનું કામ ગુજરાતીમાં લીધું છે. અને પણ એક પવિત્ર ધ્યેય માનીને. આ યોગ દર્શનના વિશે લોકો ભલે સંસ્કૃત જાણતા હોય કે ના જાણતા હોય એને જાણવામાં અભિરુચિ ધરાવે છે. હું વિચારું છું કે જે લોકો આ તત્ત્વ-શાસ્ત્રોને વિષદ રૂપમાં જાણવા માંગે છે. એમના માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી નીવડશે. જેમ બાળકોની રમતગમતો મોટાઓ દ્વારા પસંદ કરવામાં આવે છે. એવી જ રીતે આ પુસ્તક પણ જ્ઞાની અને વિચારશીલ વ્યક્તિઓને આવશ્યક સામગ્રી પ્રદાન કરશે.

યોગ દર્શનની ભાષા અને વિચારોને સીધી સાદી પ્રવાહી ભાષામાં જનતાની સામે પ્રસ્તુત કરવું કોઈ સરળ કામ નથી. ભગવાનના આશીર્વાદમાં મને વિશ્વાસ છે. અને મહાન અનુભવી આત્માઓ પણ મારા ઉપર આશીર્વાદ મોકલશે. હું જાણું છું કે મુંગાઓને વાણી, બહેરાઓને સાંભળવાની શક્તિ, લંગડા લુલાઓને પહાડ ઉપર ચઢવાની તાકાત ઈશ્વર અર્પી શકે છે. મારા માટે હતાશ કે નિરાશ થવાનો પ્રશ્ન જ નથી ઉઠતો, અને બધુ વ્યવસ્થિત રહેશે. જ્યારે બાળક પોતે ચાલતા શીખે છે, પડી જવાના ઘણા ખરા અવસરો આવે છે. ઘણી વખત ખોટા માર્ગે પણ ચાલી નીકળે છે. એ પડી જાય છે. અને રસ્તો ભૂલી જાય છે. પરંતુ એના મા-બાપ એની સહાયતા કરે છે. અને એનો હાથ ઝાલી ચલાવે છે. એ ભયથી દૂર થઈ જઈ સુરક્ષિત બને છે. ભગવાન દ્વારા ધન્ય આત્માઓ મારા માતા-પિતા સમાન છે. એ મારી સંપૂર્ણ સંભાળ રાખે છે. એમનો હાથ મારા માથા ઉપર છે. અને હું હંમેશાં એમના હાથોમાં સુરક્ષિત છું. મારા માટે ચિંતાની

કોઈ વાત નથી અને મારા ઉપર વર્ષાએલા આશીર્વાદના કારણે મારું કામ સુરક્ષિત રૂપથી ચાલી પડે છે. ઈશ્વરમાં વિશ્વાસ રાખવો જ મારી સંપત્તિ છે. અને હું સદૈવ એની સાથે જ પ્રગતિ કરીશ.

આજે અને ભવિષ્યમાં પણ યોગ અને એના વિધાનો ઉપર વિચારવાનું જરૂરી છે. વૈજ્ઞાનિકો રૂપે બાહ્ય જગતમાં પ્રગતિ, પરિશોધ અને અવિષ્કાર થઈ શકે છે. પરંતુ જ્યાં સુધી એ પુરુષના આંતરિક વિશ્વમાં અંદર સુધી નથી ઉતારતા ત્યાં સુધી વાસ્તવિક રાખે છે કે જાતિ અને ધર્મની અભિવૃદ્ધિ માટે અને બધા માટે માનવ સેવા કરવી જ આપણું કર્તવ્ય છે એવી જ રીતે માનવને પોતા માટે એક પવિત્ર કર્તવ્ય છે. સ્વયં ને એક પરિપૂર્ણ માનવ બનાવી પોતાના અંતરાત્માનો સાક્ષાત્કાર કરવો. એના માટે જ એને સ્વયંને તૈયાર કરવો જોઈએ પોતાના અંતરાત્મા અને આત્માની અભિવૃદ્ધિના સંબંધમાં સ્વયંનો કર્તવ્ય હંમેશા યાદ રાખવો જોઈએ. બીજા લોકોના સંબંધમાં વાત કરવાવાળો માણસ સ્વયંના પ્રત્યેના કર્તવ્યોના સંબંધમાં વિવરણ આપે છે, પરંતુ એ આ વાત ભૂલી જાય છે. કે બીજાઓ પ્રત્યે એના શું કર્તવ્યો છે. આ એક બાધારૂપ સત્ય છે કે આજે પણ માનવ પોતાને પવિત્ર, સંપન્ન અને જ્ઞાની બનાવવા માટે શ્રમ કરતો નથી. બીજાઓ પ્રત્યે પોતાના કર્તવ્ય પાલન માટે એ સ્વયંને બધા બંધનોથી જુદા રાખી બીજાઓની સેવા કરી શકે છે. સર્વ પ્રથમ પોતાની સેવા કરવી બહુ જ જરૂરી છે. પોતાને શક્તિશાળી બનાવવા માટે સ્વયંને પવિત્ર બનાવવો જરૂરી છે. જે માણસના અંતરમાં જ્યોતિ નથી એ બીજાઓને પ્રકાશ કેવી રીતે અર્પી શકે છે ? પોતાની અભિવૃદ્ધિ કરવાને કદી પણ સ્વાર્થ નહિ કહેવાય

અને પોતાની અભિવૃદ્ધિને નજર અંદાજ કરી શકતો નથી. એના વિપરીત આત્માની અભિવૃદ્ધિ બીજાઓની સેવા કરવામાં સહાયરૂપ બને છે. સાધના વિના અંતરની અભિવૃદ્ધિ શક્ય નથી. યોગસાધના પણ એક પ્રમુખ સાધના છે. અને મહર્ષિ પતંજલિએ આવા જ યૌગિક સાધનોનો ઉલ્લેખ કર્યો છે.

બીજા દર્શનોની જેમ યોગદર્શન આપણને આ સલાહ આપે છે કે જ્ઞાનનો ઉપયોગ કર્યા વિના ચાલી પડો. એ ક્યારેય જ્ઞાનનું, તર્કનું, વિચારધારાનું અપમાન કરવાનું વિચારતા નથી. જ્ઞાન કોઈ દેવી નથી, પરંતુ ઈશ્વરને સમજવા માટે એની સહાય જરૂરી છે. પતંજલિ પણ આવા સિદ્ધાંતોમાં માને છે. એના માટે પોતાના સૂત્રોને જ્ઞાનના માધ્યમથી સમજાવ્યું છે. અને આ પ્રયોગમાં એ સફળ પણ રહ્યો છે. આપણે પણ પ્રયત્ન કરીશું કે આ સૂત્રોનું વર્ણન એક બુદ્ધિગમ્ય પદ્ધતિમાં રહે. અનેક ધર્મો અને સંપ્રદાયોએ બુદ્ધિગમ્ય વિચારધારાઓના દ્વાર બંધ કરી દીધા છે. અને એ માત્ર વિશ્વાસ ઉપર જોર આપે છે. અને હંમેશ કહે છે કે "વિશ્વાસ રાખો, વિશ્વાસ રાખો." વિશ્વાસ રાખો એમ કહેવાવાળાઓનો ધર્મ, જેમ જેમ સમય વિતતો જાય છે, તેમ તેમ એ એક રહસ્યમય સંપ્રદાયના રૂપમાં પરિવર્તિત થતો જાય છે. અને અમુક નબળાઈઓ પણ એમાં ઘુસી ગઈ છે. આ માટે અમુક જ્ઞાની લોકો એમનાં સિદ્ધાંતો ઉપર સંદેહ પ્રગટ કરે છે. અને ઘણા બધા પ્રશ્નચિહ્નો મૂકે છે, પરંતુ એ લોકો કોઈપણ ઉચિત સમાધાન આપી શકતા નથી અને આવા પ્રશ્નો કરવાવાળાઓને ભગવાનના પ્રતિ અવિશ્વાસી માને છે. આવી ધારણા રાખી તમે લોકો સત્યના માર્ગ ઉપર ચાલતાં નથી. આ વાતની તમોને જાણકારી હોવી જોઈએ કે સાધકો તમને પ્રશ્ન પૂછશે જવાબ આપવો આવશ્યક છે.

અગર કોઈ પોતાના બુદ્ધિબળને ઈચ્છાઓ અને અંહકાર માટે પ્રયોગમાં લાવે છે તો એનાથી માત્ર વિતંડાવાદ અને શબ્દ-સંઘર્ષ જ ઉત્પન્ન થશે પરંતુ કોઈ એ જ બુદ્ધિબળને સત્યની શોધમાં લગાડશે તો આપણે જોઈશું કે આવા વાદ-વિવાદનું સ્વાગત થશે. એના શોધમાં સહાય કરવાનો પ્રયત્ન કરીશું. અને આપણે આપણી મર્યાદામાં રહી સમુચિત અને શ્રદ્ધાપૂર્વક જવાબ આપી સંતૃપ્ત કરવાની કોશિશ કરીશું. બુદ્ધિ તો હંમેશાં બુદ્ધિ જ રહેશે. ધીરે ધીરે એ નવા વિચારો અને અનુભવોથી એ શક્તિશાળી અને વાસ્તવિક બુદ્ધિ બને છે. એવી રીતે બુદ્ધિબળ એક સ્થિર, સ્વસ્થ અને સશક્ત બની વિશ્વાસથી ભરપૂર બુદ્ધિબળ બની જાય છે. અગર કોઈ બુદ્ધિબળ ને ઉદાર હિત માટે ઉપયોગમાં લાવશે તો એ ગૌરવમય બને છે. અગ્નિપરીક્ષા પછી જ સ્વર્ણની સાચી સ્થિતિ પારખી શકાશે. એવી જ રીતે જે ધર્મ તાર્કિક શ્રદ્ધેય વાદવિવાદમાં સફળ થાય છે. ધાર્મિક સંપ્રદાયિકતા અને સાધના નદીનાં ઝરણાની જેમ નથી હોતું બલ્કે એક નાના ગંદા પાણીના ખાબોચિયા જેવું હોય છે. જે વધારે સમય સુધી રહેતું નથી અને ન તો એ સમાજના કંઈ કામને ઉપયુક્ત હોય છે.

આ પ્રાચીન પવિત્ર સ્થળમાં, હિમાલયની પહાડીમાં, પતંજલિના યોગદર્શન ઉપર વિચાર કરવાનો છે. આપણાં માટે એક ખુશીની વાત છે કે હિમાલયનું આ પવિત્ર સ્થાન છે, જ્યાં અનેક યોગીઓએ તપ અને સાધના કરી છે. આ ખૂબ જ પવિત્ર છે, આ વાતનું સ્મરણ કરી મહર્ષિ પતંજલિ અને અન્ય અનુભવી યોગીઓને યાદ કરી અને એમના આશીર્વાદ લઈ આપણે એ સૂત્રોનું વિશદ રૂપમાં વિવરણ કરવા આગળ વધીશું.

—પૂ.શ્રીયોગેશ્વરજી

# ॥ જીવનનું લક્ષ્ય ॥

આપણી આ દુનિયામાં દરેક વસ્તુ માટે એક લક્ષ્ય છે. નદી લયાનુકૂલ તાલમેલના કોલાહલ તરંગો સાથે સાગરની તરફ વહી એની બાંહોમાં વસી, આખરે એનામાં મળી જાય છે. એ નદી તટ સમીપના ગામડાઓ, નગરો, ગોચરસ્થાનો કૃષિયોગ્ય બની અને બીજાં વનોની સેવા કરે છે. માનવસમાજ, પક્ષીજાતિ અને જંતુસમાજને આ સહાય કરે છે. રાત અથવા દિવસનો ભેદભાવ નથી રાખતી, ઉપરી રોક-ટોકથી નથી થોભતી, થાક્યા વગર પોતાના ગંતવ્ય સ્થાનની તરફ વહે છે.

વનમાં સુમન પૂર્ણરૂપે વિકસિત થાય છે. અને સાથે-સાથે સુગંધને વાતાવરણમાં ચારે-બાજુ પ્રસારિત કરે છે.

સંપૂર્ણ તેજથી સૂરજ પ્રકાશિત થાય છે. બીજાઓને પ્રકાશ અથવા જીવન અર્પે છે. ઝાડ વૃદ્ધિ પામીને પોતાને ફૂલોથી અલંકૃત કરે છે. અને પોતાનાં છાંયડાઓથી, ડાળીઓથી, ફૂલો અને ફળોથી બીજાઓ માટે આનંદદાયી બને છે. એમ લાગે છે કે બધાં પાછળ કોઈને કોઈ હેતુ અથવા ધ્યેય હોય છે. એની પ્રાપ્તિ માટે એ સ્વયંને મગ્ન કરી લે છે. કોઈ વિશિષ્ટ કારણ અથવા ધ્યેય વિના એનાં સર્જન પાછળ માનવજીવન લક્ષ્યહીન કેવી રીતે રહી શકે ?

મનુષ્ય સદા શાંતિ, સુખ અને સમૃદ્ધિની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહે છે. એને વાસ્તવિક રૂપમાં લાવવા માટે મનુષ્ય યોજનાઓ ઘડે છે. અને એના માટે સંઘર્ષ કરે છે. વધારે ને વધારે જીવન પામવા ચાહે છે. અને જ્ઞાનને પ્રાપ્ત કરવા માંગે છે. એના માટે પોતાનો પરિચય અને એનામાં એકાકાર થવું

એજ જીવનની પવિત્ર તીર્થયાત્રાનું મુખ્ય ગંતવ્યસ્થાન છે. WÃkrLk»kË MÃkü fnuAufu ब्रह्मविद् ब्रह्मैव भवति બ્રહ્મને જાણવાવાળા સ્વયં બ્રહ્મ થઈ જાય છે. એવું લાગે છે કે પરિપૂર્ણતાના શિખરના ટોચ પર પહોંચ્યા પછી કોઈપણ પ્રકારનો ભેદભાવ આ બંનેમાં નહિ રહે.

મહાન સંત શંકરાચાર્ય પોતાના ઉચ્ચ દાર્શનિક શાસ્ત્ર 'વિવેકચૂડામણિ'માં કહે છે. दुर्लभं त्रयमेवैतत्दैवानुग्रहा हेतुकम्.. બહુ જ ઓછી અને માત્ર ઈશ્વરકૃપાથી મળવાવાળી ત્રણ વસ્તુઓ છે—માનવજન્મ અથવા માનવતા, સ્વતંત્રતા માટે પ્રગાઢ આકાંક્ષા અને મહાન દેવતાઓ જેવી સાધુઓની સંગત—लब्ध्वा कथांचित नरजन्म दुर्लभं, तत्रापि पुस्त्वं श्रृति पारदर्शनम् यरत्वात्ममुक्तौ...

કલ્યાણકારી ભાગ્યે જ મળવાવાળો જન્મ જેવો કે માનવજન્મ-મનોબળ, શક્તિ, જ્ઞાન, વૈભવ જાણ્યા પછી પણ અથવા કોઈ પોતે પોતાને ઓળખવા માટે અથવા તો ઉન્નતિ માટે સંઘર્ષ નહિ કરે તો તે પોતાના જ શરીરનું નુકશાન અને નાશ કરે છે.

રામચરિતમાનસમાં મહાન અને પ્રસિદ્ધ સંત તુલસીદાસે કહ્યું છે કે—बडे भाग मानुष तन पावा...

મહાભાગ્યથી માનવશરીર પ્રાપ્ત થાય છે દેવતાઓને પણ બહુ ઓછું પ્રાપ્ત થાય છે, શાસ્ત્ર આનું વર્ણન આ રીતે કરે છે. હકીકતમાં આ સાધના છે. અને આઝાદીના માર્ગનું પ્રવેશદ્વાર છે જે માણસ ચિંતન-મનન નથી કરતો. મરણાન્તર જીવનને એની મદદથી પુરોગતિમાં નથી લગાડતો, એ પીડા અને ઉદાસીનતાને પ્રાપ્ત થાય છે. બિનજરૂરીરૂપે બીજાઓ પર આરોપ મૂકે છે એક

ઉત્તમ સ્વર્ણ અવસર હંમેશ માટે ખોવાઈ જાય છે.

બહુ પ્રસિદ્ધ ભજન મીરાં ગાય છે—

'નહિ એસો જનમ વારંવાર,'
આ મનુ કહ્યુ પુણ્ય પ્રકટે માનુષ્ય અવતાર નહિ....
બઢત પલ-પલ ઘટત દિન-દિન ચલત ન લાગે વાર,
બિરહ છે જ્યો પાત ટૂટે, લાગે નહિ પુનિ ડાર
ભવસાગર અતિ જોર કહિએ વિષમ ઓખી ધાર,
મૂરખ કા નર ખાંધે બેઠા જેનિ ઉતરે પાર
સાધુ-સંત તે મહંતા ચલત-કરત પુકાર
દાસ મીરાં બાલ ગિરધર, જીવના દિન ચાર નહિ...

આનો અર્થ સ્પષ્ટ છે પોતાના ભજનમાં એ કહે છે કે દિવ્ય માનવજન્મ વારંવાર પ્રદાન થતો નથી એને ગુણોથી જીતાય છે એ ક્ષણિક છે. એ પળે-પળે ઓછો થવાવાળો છે. એ અચાનક અદૃશ્ય થઈ જાય છે. અજ્ઞાન અને વિપત્તિઓના સાગરને પાર કરવા માટે મનને ભગવાન ઉપર એકાગ્ર કરવું જોઈએ અને ભગવાનનું શરણ લેવું જોઈએ. બધા સંતો આ જ પ્રમાણે પ્રચાર કરે છે. મીરાં કહે છે કે જીવન ક્ષણિક છે બે-ચાર દિવસોનું છે. એના માટે જાગો, ઊઠો અને પ્રકાશને પ્રાપ્ત કરો.

જીવનના વિષયમાં આ વિચાર અને સમજ પોતાની અનુભૂતિ હોય છે પુરુષ કેવળ પોતાની પરિપૂર્ણતા, શાંતિ, મુક્તિના વિષયમાં જ વિચારે છે શું આ પ્રશંસનીય છે ? સ્તુતિનીય છે ? પુરુષ વિદ્યાવાન, સંસ્કારવાન અને ભરચક સમાજની વચ્ચે રહેવાવાળો છે, ના કે કોઈ એકલી પહાડી ગુફામાં એકલો શ્વાસ લેવાવાળો, એના માટે એને બીજાઓ વિષે

યા પોતાના વાતાવરણ વિષે વિચારવું જોઈએ. અન્યોની પ્રશાંતિ માટે, પરિપૂર્ણતા, પ્રગતિ, પ્રમોદ અને મુક્તિ માટે અભિરુચિ રાખવી જોઈએ. આ એની પાસેથી અપેક્ષિત છે. જે રીતે એક વૃક્ષ સહજરૂપે અનેક પ્રકારની મૂલ્યવાન સંપત્તિથી સમાજની સેવા કરે છે. એવી રીતે માનવે પોતાના જીવનનો બીજાઓના લાભ અને કલ્યાણ માટે ઉપયોગ કરવો જોઈએ. એક દીપકની જેમ એણે પ્રકાશને પામવો જોઈએ અને એજ સમયે સહજરૂપે સ્વયંના તનથી, મનથી, વાચાથી, જ્ઞાનથી, પૈસાથી, સ્થાનથી, વિદ્યાથી, પ્રભાવ વગેરેથી સમાજની સેવા કરવી જોઈએ એને પ્રકાશ અને ઉત્તેજનાને ટકાવી રાખવાં જોઈએ. અંધકારનો અંત કરવો જોઈએ. અને હરેક સ્થાને માર્ગદર્શન આપવું જોઈએ. એના માટે ભારતીય સંસ્કૃતિએ નોંધપાત્ર સૂત્ર પ્રદાન કર્યું.— स्वान्तः सुखाय, परजनहिताय....

એનો અર્થ એ છે કે જીવનના બે હેતુ હોય છે. (૧) અંતર સુખની પ્રાપ્તિ અને (૨) બીજાઓનું કલ્યાણ. માનવજીવનમાં બન્ને દૃષ્ટિકોણ એવી રીતે મનમાં ધારણ કરવા જોઈએ. મહાન, મહત્ત્વપૂર્ણ, પ્રાચીન, પૌરાણિક કથા મહાભારતમાં રાજા રંતિદેવે કહ્યું છે—न त्वहं कामये राज्यं, न स्वर्गः ना पुनर्जन्म,

कामये दुःख तप्तानां प्राणिनामार्तिनाशानम् ।

હે ઈશ્વર ના હું રાજ્યની પ્રાપ્તિ ચાહું છું, ના સ્વર્ગની, ના જન્મમરણના ફેરાથી બચવા ઇચ્છું છું. પરેશાન, બાધિત પ્રાણીઓના દુઃખોનો અંત થાઓ, એવી મારી પ્રગાઢ ઇચ્છા છે. હું મારી ઉન્નતિ નથી ચાહતો, પરંતુ બીજાઓની ઉન્નતિ ચાહું છું.

વિવેકચૂડામણિમાં મહાન સંત શંકરાચાર્ય કહે છે કે शान्त्य महान्त्यि निवसंति संतो....

ધરતી ઉપર અમુક સંતો એવા છે જે શાંત, મહાન, માયાળુ છે. કુદરતી ઝરાઓ સમાન બીજાઓના કલ્યાણમાં મગ્ન રહે છે. અને જાતે સ્વયંના અજ્ઞાનના સમુદ્રને પાર કરી ચૂક્યા છે. અને નિઃસ્વાર્થ ભાવનાથી બીજાઓને પાર પહોંચાડવા સહાયતા કરે છે. સંત તુલસીદાસ રામચિરત માનસમાં લખે છે–

**साधु चरित शुभ सरित कपास**
**नीरस विशद सुखमय फल जासु...**

પવિત્ર માનવ અથવા સંતનું ચરિત્ર, પવિત્ર, દિવ્ય અને વિશેષ ગુણોથી ભરપૂર હોય છે એ વેદનાને સહન કરે છે અને આનંદની તૃપ્તિ બીજાઓને પ્રદાન કરે છે. એ હંમેશા ગૌરવનીય અને બધાથી પૂજનીય હોય છે.

આપણે એવા લોકોને ચાહીએ છીએ કે સ્વયંની આધ્યાત્મિક પરિપૂર્ણતા માટે અને પ્રજાજનોની ઉન્નતિ માટે મહેનત કરે, એવા પ્રકારના રાજકીય વેત્તાઓ, ચિકિત્સકો, વકીલો, ન્યાયમૂર્તિઓ, સરકારી કર્મચારીઓ, વ્યાપારીઓ, ધર્મશિક્ષકો, ઉપાધ્યાયોની સખત જરૂરત આપણા સમાજને છે. એ લોકો સમાજના કલ્યાણ માટે અને પૃથ્વી ઉપર ઈશ્વરના પાલનની સ્થાપના માટે ઘણું બધું યોગદાન આપી શકે છે.

આપણે ચાહીએ છીએ કે થોડા નિઃસ્વાર્થ, સેવાભાવી આત્માઓ હોય જે બીજાઓની શાંતિ અને પ્રગતિ માટે પરિશ્રમ કરવાવાળા, બુરાઈઓથી પોતાને રોકવાવાળા, વાસનામય, અલૌકિક-લૌકિક આકર્ષણોના શિકાર નહિ થવાવાળા, સાંસારિક મોહ અથવા પ્રલોભનોથી ટક્કર લેવાવાળા, સ્થાન, ગૌરવ, શારીરિક સંબંધો અને શક્તિના ઉન્માદની પ્રાપ્તિ માટે પ્રયત્નો નહિ કરવાવાળા અને તેનાથી દૂર રહેવાવાળા, સત્યની પૂજા

કરવાવાળા, એને જ વફાદાર રહેવાવાળા, પ્રગાઢ વિશ્વાસ અને વ્યક્તિની સાથે પોતાના લક્ષની પ્રાપ્તિ માટે વધુ ત્યાગ કરવાવાળા, કોઈથી ના ડરવાવાળા, સદા જાગ્રત રહેવાવાળા, વિવેકી અને સંયમ રાખવાવાળા હોય સમાજ વિશાળરૂપે એમનાથી ફાયદો ઉઠાવે છે. જો કોઈ પુરુષ પોતાના માટે જ શ્વાસ લે છે, પોતાના માટે જીવે છે. તો એ જન, સજ્જન કહેવડાવવા યોગ્ય નથી એ પશુ કહી શકાય ? ના, એ પશુથી પણ બદતર છે. એણે બીજાઓ માટે જીવવું જ જોઈએ, પ્રગતિ કરવી જોઈએ, ઉદ્યોગ કરવો જોઈએ અને મરવું જોઈએ.

આખરમાં ભક્ત કવિ સૂરદાસના પદોમાંથી મને ઉલ્લેખ કરવા દો, એમના પદોમાં એ કહે છે કે આપણે વૃક્ષો પાસેથી બોધ લેવો જોઈએ. માનવ વૃક્ષોનો નાશ અને નિર્મૂલન કરે છે તો પણ એ વૃક્ષો ચિડાતાં નથી અને શાંત રહે છે ક્યારે પણ પોતાની અભિવૃદ્ધિ માટે સાધન બનેલા માનવ સાથે મોહબંધન નથી રાખતાં તે ગરમી ને સહન કરે છે અને છાંયડો પ્રદાન કરે છે. પત્થર ફેંકવાવાળાઓને પણ ફળ આપે છે. એમનાથી માનવે સહૃદયતાનો પાઠ શીખવો જોઈએ.

**વૃક્ષન સે મત લે, જાન તુ વૃક્ષન સે મત લે.**
**કાટે વાકો ક્રોધ ન કરહીં, સિંચત ન કરહીં નેહ.**
**ધૂપ સહત અપને શિર ઉપર, ઔશે કો છાઁહ કરેત**
**જો વાહી કો પથર ચલાવે, તાહી કો ફૂલ દેત.**
**ધન્ય  ધન્ય યે ઉર ઉપકારી, વૃથા મનુજ કી દોહ**
**સૂરદાસ પ્રભુ કહં લગિ બરનૌ, હરિજન કી મત લે.**

**–પૂ.શ્રીયોગેશ્વરજી**
(મસૂરી ૨૬/૦૬/૧૯૭૭)

# ॥ સર્વકાલીન સંદેશ ॥

મહાભારતના સંગ્રામને હજારો વર્ષ વીતી ચૂક્યાં છે. એ મહાયુદ્ધ પ્રાચીન કુરુક્ષેત્રનાં પવિત્ર સ્થાન ઉપર થયું હતું. ભૌગોલિક દૃષ્ટિએ એ પવિત્ર સ્થાન દિલ્હી નજીક છે. અને આજે પણ જોઈ શકાય છે. એ પવિત્ર સ્થાન, જ્યાં ભગવાન કૃષ્ણે ગંભીર, નિરુઉત્સાહી, નિરાશ અર્જુનને એક અતિ મુખ્ય સલાહ આપી હતી, એ જ પવિત્ર સલાહની યાદમાં એક ઈમારત ઊભી કરવામાં આવી છે. આપણે એ શાનદાર ભવનને આજે પણ નિહાળી શકીએ છીએ. વેદાંતની દૃષ્ટિએ "આ બધી વાસ્તવિક કથાઓને જોયા પછી આપણા મનની તુલના એક કુરુક્ષેત્ર જોડે કરી શકાય છે. આપણાં પાપ અને કર્મ વચ્ચે હંમેશાં એક જંગ ચાલુ રહે છે. એ માનવીના જીવનના અંત સુધી ચાલતો રહે છે."

કોઈપણ વ્યક્તિ એકલતામાં અથવા સમાજમાં, જંગલમાં અથવા નગરમાં, સાધુ અથવા સામાજિક બની શકે છે. તો પણ એના મનમાં આ યુદ્ધ સદૈવ ચાલુ રહેશે. આપણને નવીન અથવા જૂના વિચારોની આવશ્યકતા નથી પરંતુ આપણા મનમાં આ યુદ્ધ હંમેશાં રહેશે. એક સંશયની, એક વિશ્વાસની, સારા-ખરાબ વિચારો વચ્ચે, આશાઓ-અભિલાષાઓ વચ્ચે આ એક લડાઈ છે.

આપણા મનમાં પણ મહાભારત જેવી પાંડવો અને કૌરવો જેવી લડાઈ ચાલે છે. એક બાજુ નિયમ બીજી બાજુ અનિયમ-ગીતાનાં સોળમા અધ્યાયમાં કૌરવ અને પાંડવોની સૌનિક શ્રેણીઓનું વર્ણન છે.

આ માનવમનમાં ભીતરની હંમેશાંની લડાઈ છે.—પ્રકૃતિ અને વાસના વચ્ચે ! આ પ્રકૃતિ અને વાસનાની લડાઈને જીતવા માટે પાંડવોને ભગવાન શ્રીકૃષ્ણની સન્મુખ પોતાને સોંપવા પડ્યા હતા.

અવરોધ અને પ્રતિરોધ, વાસના અને પ્રકૃતિ મધ્યેનાં યુદ્ધો

મનુષ્યજીવનમાં હંમેશથી ચાલતાં આવ્યાં છે.

ગીતામાં કહેવામાં આવ્યું છે કે દરેક જાતનાં પ્રતિરોધો, અવરોધોને હટાવવા માટે તમે પોતાની જાતને ભગવાન શ્રીકૃષ્ણને અર્પણ કરી દો.

ગીતાના પ્રથમ અધ્યાયમાં એક રથનું વર્ણન છે. પરંતુ તમે આને એક વેદાંતના માર્ગે સમજશો તો માલુમ પડશે કે આ રથ, માનવશરીર વિના કશું જ નથી. ઉપનિષદ્ કહે છે કે એ રથના માનવશરીરમાં સૈનિક કહેડાવવાવાળો આત્મા સ્થિર રહે છે. અને બુદ્ધિ સારથિ છે. મન છે—લગામ. આપણી ઇન્દ્રિયો અશ્વ છે અને આપણી વાસનાઓ એ અશ્વોનો ચારો છે.

આપણી વાસનાઓ, આકાંક્ષાઓ અને આત્માનું મિલન એક સ્વપ્ન બની રહે છે. આવી સ્થિતિમાં કોઈપણ વ્યક્તિ પોતાની વાસનાઓ, આકાંક્ષાઓને નિયમિત કરીને જ સંસારને બાધાઓ વગર નિઃસંદેહ પાર કરી શકે છે.

અગર આપણે આપણા આત્મા વિરુદ્ધ જઈશું, જે આપણી વાસનાઓ અને આકાંક્ષાઓનું નિયમન કરે છે.

તો ઉઠો, જાગો અને મહાત્મા-જ્ઞાની ને પોતાને સોંપી દો અને સ્વયંના મૂળનો સંચય અને પુર્નઃ સંચય કરો.

પોતાના આત્માના સાક્ષાત્કારને પામવો આટલું સરળ નથી, આ માર્ગ બાધાઓ અને અવરોધોથી ભરપૂર છે. એના માટે આપણા જીવનરથને વધુ જાગ્રતતાથી ચલાવવો જોઈએ. અને આળસ તથા સુસ્તી ત્યજી દેવાં જોઈએ.

પરંતુ જે લોકો ભગવાન ઉપર વિશ્વાસ રાખી, વેદો અને ગીતાનાં માર્ગદર્શનમાં, સ્વચરિત્રથી પોતાનાં જીવનરથને હંકારે છે. એ પોતાના જીવનના મહાભારતના યુદ્ધમાં જીતે છે. અને યોગ્યતા તથા પાત્રતાને પ્રાપ્ત કરે છે. જીવનમાં આત્મ-ત્યાગની સિદ્ધિને પ્રાપ્ત કરે છે. નહિતર આપણી ઇન્દ્રિયો, વાસનાઓ

અને પ્રાપ્તિઓ સાથે મળી આવ્યા વગર આપણી જિંદગીના રથને નષ્ટ કરી નાખશે.

મહાભારતનો સંગ્રામ એક દુઃખાંત છે. શરૂઆતમાં ધૃતરાષ્ટ્ર સંજયને કહે છે કે ‘‘મારાં સંતાન અને પાંડવ’’ અર્થાત્ એ પોતાનાં અને પાંડવો વચ્ચે ભેદભાવ કરે છે.

ગીતાના પ્રથમ અધ્યાયમાં દ્રોણાચાર્ય પાસેથી દુર્યોધન માગ કરે છે કે દ્રુપદનો પુત્ર ધૃષ્ટધુમ્ન પાંડવોની સેનાની શ્રેણીઓને નિયમિત કરે છે. આનું પરીક્ષણ કેવી રીતે કરીએ ? આ પોતાનાં મનને એક ગુરુ અને રાજાની જેમ પ્રતિબિંબિત કરે છે. રાજા ચરિત્રહીન છે. અને પ્રજા સંતુષ્ટ નથી.

જ્યારે અર્જુન આ સંગ્રામથી ખુશ નથી કારણ કે એ પોતાના ગુરુ અને બાંધવોનો વધ કરવાં માંગતો નથી. અને કહે છે કે બંધુજન અને ગુરુને મારવા કરતાં ભીખ માંગવી યોગ્ય છે.

દ્રોણાચાર્ય, ભીષ્મ અને કર્ણ અર્જુનની માફક વિચારતા નથી. કારણ કે એ લોકો દુર્યોધનનાં અન્ન અને આશ્રય ઉપર અવલંબિત છે.

બધા લોકોએ દુષ્ટ અભ્યાસો અને દુરાચારોનો પ્રતિરોધ કરવો જોઈએ ભીષ્મ પોતાના યુગના અદ્વિતીય જ્ઞાની અને મહાપુરુષ હતા. ‘‘શાંતિપર્વ’’માં મહા મુખ્ય ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય જેવા વિવેકી લોકો દુર્યોધનની વાસનાઓ અથવા આકાંક્ષાઓનો વિરોધ કરત તો મહાભારતનો સંગ્રામ જ ન થાત.

યદ્યપિ યુધિષ્ઠિર પોતાના યુગના આત્મજ્ઞાની પુરુષોમાં અગ્રતમ હતા. એ રાજ્યપાલન તેમજ સામ્રાજ્યને રક્તપાતના ભોગે ભોગવવા માગતા ન હતા. પરંતુ વાસ્તવમાં અર્જુન જ વિરોધી હતો. એણે જ ભગવાન શ્રીકૃષ્ણની સલાહ માગી. ભારતીય ઈતિહાસનો એ બહુ જ કરુણ પ્રસંગ છે.

**–પૂ.શ્રીયોગેશ્વરજી**

# ॥ મૌન અને સત્સંગ ॥

શ્રીરમણ કોઈપણ જિજ્ઞાસુને મૌખિક ઉપદેશ આપવામાં આનંદ અનુભવતા. પણ સાથે સાથે એમ પણ સ્પષ્ટ કરતા કે એમનો ‘મૌન ઉપદેશ’ સીધો અને વધુ શક્તિશાળી છે. આ મૌન ઉપદેશનો આધ્યાત્મિક પ્રભાવ હતો, જે એમના સ્વરૂપમાંથી નિરંતર ફેલાતો રહેતો હતો. એ એટલો તીવ્ર હતો કે તેઓ એને એનું વધુ કાર્યસાધક પાસું માનતા.

ચિત્તનો નિરોધ શી રીતે કરવો એ વિષે શાબ્દિક ઉપદેશને બદલે તેઓ પોતાની મૌનશક્તિ પ્રયોજતા, જે એમની પાસે બેઠેલા સાધકોના મનને અનાયાસે શાંત કરી દેતી. જે લોકો એમની આ મૌનશક્તિ ગ્રહણ કરવા માટે સમર્થ હતા, તેઓ કહેતા કે એમને એક વિશેષ પ્રકારની શાંતિ અને કલ્યાણપૂર્ણ નિર્ભયતાનો અનુભવ થાય છે. કેટલાક પરિપક્વ ચિત્તવાળા ભક્તોને તત્કાળ આત્માનુભવ પણ થતો.

ભારતમાં આવી ઉપદેશપદ્ધતિ પ્રાચીનકાળથી ચાલી આવે છે. શ્રી દક્ષિણામૂર્તિ એના પ્રસિદ્ધ પ્રતિપાદક માનવામાં આવે છે. સ્વયં મહેશ્વર શિવ એ રૂપમાં પ્રકટ થયા હતા અને ચાર મુમુક્ષુઓને પોતાની મૌનશક્તિથી આત્માનો સાક્ષાત્કાર કરાવ્યો હતો.

જે સાધકોનું લક્ષ આત્મા એટલે ગુરુ તરફ ઉન્મુખ હોય એ ગુરુમાંથી પ્રવાહિત થતી આ શક્તિ મેળવી શકે છે. અંતર એની કાર્યસાધકતાના માર્ગમાં અવરોધક બનતું નથી. આને ‘સત્સંગ’ કહેવામાં આવે છે, જેનો અર્થ ‘સદ્‌વસ્તુ સાથે સંપર્ક’ થાય છે.

શ્રીરમણ સત્સંગને ઘણું મહત્ત્વ આપતા અને ઘણીવાર કહેતા કે એ આત્મજ્ઞાનનું સૌથી વધુ કાર્યક્ષમ સાધન છે. પરંપરાગત રીતે કોઈ આત્મનિષ્ઠ મહાત્માના શારીરિક સાન્નિધ્યમાં રહેવું સત્સંગ કહેવાય છે. પરંતુ શ્રીરમણ એની ઘણી વિશદ વ્યાખ્યા કરતા. તેઓ કહેતા કે સત્સંગમાં મુખ્ય વાત ગુરુ સાથે માનસિક સંબંધ સ્થાપિત કરવાની છે. ફક્ત ગુરુની પાસે બેસવાથી જ નહિ, ગમે તે દેશકાળમાં એમનું ચિંતન કરવાથી પણ સત્સંગ થઈ શકે છે.

**–શ્રીરામકૃષ્ણ વ્યાસ**

## ॥ પુરુષાર્થ અને કૃપા ॥

બનારસ વિશ્વવિદ્યાલયના કુલપતિ, સંસ્કૃત ભાષાના વિશ્વવિખ્યાત વિદ્વાન, તંત્રોપાસક મહામહોપાધ્યાય ગોપીનાથ કવિરાજે એમના ગુરુ, સૂર્યવિજ્ઞાનના પ્રખર જ્ઞાતા વિશુદ્ધાનંદજીને જિજ્ઞાસાપૂર્વક કરેલ પ્રશ્નના ઉત્તરનો ટૂંકો સાર અત્રે રજૂ કર્યો છે : 'જ્યાં સુધી દેહાધ્યાસ છે અથવા તો, ‘‘હું શરીર છું’’ એમ વ્યક્તિ માને છે ત્યાં સુધી એને માટે સાધના, પુરુષાર્થ અથવા કર્મ કરવું અનિવાર્ય છે. જ્યાં સુધી શરીરનો અધ્યાસ છે ત્યાં સુધી વ્યક્તિ કર્મબંધનથી છૂટી શકતી નથી. શરીર, ઈન્દ્રિય, મન વગેરેની ક્રિયાને કર્મ કહે છે. જ્યારે તેણે કર્મ કરવાનું જ છે ત્યારે તેણે એવું કર્મ કરવું જોઈએ કે જેનાથી સદાને માટે તેનું કર્મબંધન છૂટી જાય. આને જ કર્મ-કૌશલયોગ કહે છે. જેવી રીતે કૃપા એ ઈશ્વરનો ધર્મ છે એ રીતે પુરુષાર્થ એ પુરુષ અથવા જીવનો ધર્મ છે. જીવ વિના ઈશ્વરની અને ઈશ્વર વિના જીવની સત્તા કાલ્પનિક છે. આથી જ પુરુષાર્થ અને કૃપા પરસ્પર એકબીજાના આશ્રયથી કાર્ય કરે છે. ભગવત્કૃપાની અપેક્ષાએ માત્ર હાથ પર હાથ રાખીને બેસી રહેવું એ તો આળસને પ્રોત્સાહન આપવા બરાબર છે. આથી જીવ માટે શરૂઆતમાં (સાધનારૂપી) કર્મ કરવું અનિવાર્ય છે. કર્મ કર્યા વગર નિષ્કર્મ અવસ્થાનો વિકાસ થઈ શકતો નથી. આમ શરૂઆતમાં, ‘‘હું શરીર છું’’ એવા સ્થૂળભાવનું અતિક્રમણ એ જ જીવનનું મુખ્ય કર્મ છે. સમગ્ર ભગવદ્‌ગીતામાં પણ કર્મનો ઉપદેશ આપવામાં આવ્યો છે. કેવળ છેલ્લા અઢારમા અધ્યાયમાં જ કર્મત્યાગ કરીને શરણાગત થવાની વાત કહેવામાં આવી છે.'

'કર્મ કરતાં કરતાં યોગ્ય સમયે કૃપાનું અવતરણ અવશ્યંભાવિ છે. લાકડામાં અગ્નિ રહેલો છે, પરંતુ તે સુષુપ્ત અવસ્થામાં છે.

ઘર્ષણ દ્વારા તેને પ્રજ્વલિત કરવો પડે છે. એ જ રીતે કૃપાની પ્રાપ્તિ માટે—કૃપાની અનુભૂતિ માટે સૌપ્રથમ કર્મ-કૌશલયોગ કરવો પડે છે. ભગવત્કૃપા નિત્ય અને સર્વવ્યાપક હોવા છતાં જીવનો દેહાધ્યાસ હોવાથી—તે અભિમાનગ્રસ્ત હોવાથી તેને કૃપાનો અનુભવ થતો નથી. કૃપા સતત હોવા છતાં અહંકારયુક્ત જીવને તેનો અનુભવ થતો નથી. કર્મ દ્વારા દેહાધ્યાસ દૂર થવાથી જીવને કૃપાની અનુભૂતિ થવા લાગે છે. સાધના કરતાં કરતાં સ્થૂળભાવની નિવૃત્તિ થતાંની સાથે જ—કર્તાપણાનો ભાવ દૂર થવાની સાથે જ કૃપાનો અહેસાસ થવા લાગે છે.'

'મનુષ્ય સર્વ પ્રકારની સાધનાનો ત્યાગ કરીને શું કેવળ ભગવત્કૃપા પર નિર્ભર રહી શકે ? નિઃસંદેહ આ બહુ જ ઊંચી અવસ્થા છે. પરંતુ સાધારણ લોકો માટે તે સ્વાભાવિક નથી. તેઓ માટે તો પુરુષાર્થ કરવો અનિવાર્ય છે; અલબત્ત, પુરુષાર્થ પણ ભગવત્‌કૃપા વિના થઈ શકતો નથી.'

*

## ॥ નિષ્કામ કર્મ ॥

મનુષ્ય જન્મથી મૃત્યુપર્યંત કર્મનો ત્યાગ કરી શકતો નથી. કર્મનો સંપૂર્ણ ત્યાગ શક્ય પણ નથી. ઠાકુર શ્રીરામકૃષ્ણ પરમહંસ કહે છે : 'સ્વભાવ જ તમને કર્મ કરાવે ! તમે ઇચ્છા કરો કે ન કરો. આથી કર્મો તો કરવાં પડે.' ભગવદ્‌ગીતા પણ, કર્મો ઈશ્વરે જ ઉત્પન્ન કર્યાં હોવાથી તે કરવા ઉપદેશે છે. પરંતુ અહીં કર્મ એટલે નિષ્કામકર્મ અભિપ્રેત છે. "કર્મમાં જ તારો અધિકાર છે, ફળમાં કદી નહિ. માટે ફળમાં આસક્તિ રાખ્યા વિના તું સતત કર્તવ્યકર્મને સારી રીતે આચર." વગેરે ગીતાજીનાં વાક્યો આ વિષયમાં પ્રમાણ છે.

'અનાસક્ત થઈને કર્મ કરવાનું નામ કર્મયોગ છે.' એવી સીધી સાદી અને સચોટ વ્યાખ્યા કરીને શ્રીરામકૃષ્ણ ઠાકુર કહે છે : 'આ બહુ કઠિન છે. એક તો કળિયુગ, એટલે સહેજે આસક્તિ આવી પડે. તેની ખબર પણ ન પડે ! ધારો કે પૂજા—મહોત્સવ કર્યો કે ઘણા ગરીબ કંગાળોની સેવા કરી, મનમાં માનીએ કે અનાસક્ત થઈને કરીએ છીએ, પરંતુ કોણ જાણે ક્યાંથી નામના કાઢવાની ઇચ્છા થઈ આવી હોય, તેની ખબર ન પડે.' વિમલાબહેન ઠકારે બહુ જ સુંદર વાત કરી છે. તેઓ કહે છે : 'વિત્તૈષણા અને કામૈષણા કરતાં પણ લોકૈષણા વધારે ખતરનાક છે.' ઠાકુર કહે છે : 'જે માણસ નિષ્કામ થઈને કર્મ કરે છે તે પોતાનું જ કલ્યાણ કરે છે.'

હવે પ્રશ્ન એ થાય છે કે નિષ્કામકર્મ કોને કહેવાય ? એક વાર એક અધ્યાપકે શ્રી રમણ મહર્ષિને નિષ્કામ કર્મનો અર્થ સમજાવવાની વિનંતી કરી. શ્રી રમણ મહર્ષિએ કોઈ ઉત્તર આપ્યો નહિ. થોડી વાર પછી મહર્ષિએ અરુણાચલગિરિ પર ચડવાનું શરૂ કર્યું. અધ્યાપકસમેત થોડા ભક્તો પણ સાથે થયા. રસ્તામાં એક મોટું કાંટાળું ઝાંખરું પડેલું હતું. મહર્ષિએ એ ઝાંખરું ઊંચકી લીધું અને તેના પર કામ કરવા માંડ્યું. તેની અણીઓ કાપી લીધી, ગાંઠો છોલી કાઢી અને એક ખરબચડા પાંદડાથી તેની સપાટી ઘસી નાખી. કલાકોની સખત અને ચોકસાઈભરી મહેનત પછી એક મજાની લાકડી તૈયાર થઈ ગઈ. પોતાની લાકડી ખોઈ બેઠેલા અને તેથી ઉદાસ દેખાતા એક ભરવાડના છોકરાને મહર્ષિએ લાકડી આપી દીધી. અધ્યાપકે કબૂલ કર્યું કે અધ્યાપનની કળામાં એને એક નવો પાઠ મળ્યો હતો, કારણ કે મહર્ષિએ શાન્તિપૂર્વક આપેલા એ વ્યવહારુ ઉદાહરણ દ્વારા અધ્યાપકના ઉત્સુક પ્રશ્નનો સંપૂર્ણ ઉત્તર

મળી ગયો હતો. મહર્ષિએ કહ્યું છે : 'જ્યાં સુધી તમે આત્મસાક્ષાત્કાર નથી કરતા ત્યાં સુધી તમારી પ્રવૃત્તિ સાચેસાચ સંગીન છે કે નહિ એ ચોક્કસપણે નક્કી નથી કરી શકાતું. આમ છતાં અહંકારરહિત થઈને નિષ્કામભાવે કર્મ કરવાથી અધ્યાત્મપથમાં ઘણી સહાય મળી રહે છે.'

પ્રાપ્ત કર્મ નિષ્કામભાવે કરવાં જોઈએ. 'હું કર્તા છું કર્મનો' તેવો અહંકાર જશે નહિ તો તેવાં કર્મો નિષ્કામ કહેવાશે નહિ, કારણ કે જે કોઈ કર્તાભાવે ફળ મેળવવા કર્મ કરે છે તેનું તેવું કર્મ સકામ કહેવાય છે. આવાં સકામ કર્મોથી ચિત્ત શુદ્ધ થતું નથી. ફળની ઇચ્છાથી જે કર્મ થશે તે ન તો ચિત્તશુદ્ધિરૂપ ફળ આપશે ન તો જ્ઞાનરૂપ ફળ આપશે. આદિ શંકરાચાર્યે કહ્યું છે : 'કર્મ ચિત્તશુદ્ધિ માટે જ છે.' શ્રી રમણ મહર્ષિ ઉપદેશસારમાં ઈશ્વરને અર્પણ કરાયેલા નિષ્કામકર્મને 'चित्तशोधकम्' (ચિત્તને શુદ્ધ કરનારા) તરીકે વર્ણવે છે. પરંતુ ગ્રંથિમુક્ત થયા વિના બરાબર નિષ્કામકર્મ થતું નથી. શ્રી શ્રી મા આનંદમયી કહે છે : ગ્રંથિમુક્ત થતાં સુખ-દુઃખ, સ્તુતિ-નિંદા અથવા માન-અપમાન કંઈ પણ પોતાને સ્પર્શતું નથી. સ્વભાવના પ્રવાહમાં જે થવાનું હોય તે થઈ જાય છે, પરંતુ એનાથી ચિત્તમાં કોઈ પ્રકારનો વિકાર ઉત્પન્ન થતો નથી. પ્રતિષ્ઠારહિત કર્મ-નિષ્કામકર્મ એમાં પોતાના નામ કે યશની આકાંક્ષા રહેતી નથી અને બીજા કોઈ પણ પ્રકારના ફળની અભિલાષા પણ રહેતી નથી. શ્રી મા કહે છે : 'પોતે કરેલું સારું કર્મ બીજાના નામે ચઢતું હોય અને છતાં પણ ચિત્ત ક્ષુબ્ધ ન થાય અથવા તો નિરાકાર રહે એવી અવસ્થામાં સમજવું કે વ્યક્તિની ગ્રંથિ ખૂલી ગઈ છે. એ નિષ્કામભાવનું લક્ષણ છે.'

ઠાકુર શ્રી રામકૃષ્ણ કહે છે : 'નિષ્કામકર્મ ઉપાય છે ધ્યેય નથી, કારણ કે તેનાથી ચિત્તની શુદ્ધિ થાય છે અને શુદ્ધ, શાંત, પ્રક્રિયારહિત ચિત્ત આત્મચિંતન કે નિદિધ્યાસન માટે યોગ્ય પાત્ર બને છે. તેવા શુદ્ધ થયેલા ચિત્ત દ્વારા જ 'સ્વ' સ્વરૂપના સંશોધન જેવી આત્મચિંતનની સાધના શક્ય બને છે. કર્મો ઈશ્વરને અર્પણ કરીને સ્વયં અકર્મી તરીકે ઓળખાવવાની યુક્તિમાં જ મુક્તિ સમાયેલી છે.' અક્રમવિજ્ઞાની દાદા ભગવાન તેમની લાક્ષણિક ઢબમાં સમજાવતાં કહે છે : 'જો પરાણે કે અનિચ્છાએ કોઈ કર્મ કરવું પડે તો તેનો અર્થ એ કે તમે તમારા પૂર્વે કરેલાં કર્મોનો ક્ષય કરી રહ્યા છો અને જો કર્મ આસક્તિથી કે તેમાં લેપાઈ જઈને કરો તો તેનો અર્થ એ કે તમે નવું કર્મ ઊભું કરો છો.' આના ઉપાય તરીકે તેઓ નિષ્કામકર્મ કરવા જણાવે છે.

યોગીજનો પણ આસક્તિનો ત્યાગ કરીને અંતઃકરણની શુદ્ધિ માટે કર્મ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ નિષ્કામ કર્માચરણનો દાખલો બેસાડવા કર્મ કરે છે ને કહે છે : 'પાર્થ ! ત્રણે લોકમાં મારે કશું જ કરવાનું નથી. મેં ન મેળવ્યું હોય એવું કાંઈ નથી, મારે મેળવવાનું હોય એવું પણ કાંઈ નથી, છતાં હું કર્મ કરું જ છું, કારણ કે શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે, બીજા મનુષ્યો પણ તેને આચરે છે. તે જેને પ્રમાણ તરીકે સ્થાપે છે, તેને લોક અનુસરે છે.'

'ઉપદેશસાર' સ્તોત્રમાં શ્રી રમણ મહર્ષિએ કહ્યું છે : 'કર્મફળની વાસના, અપેક્ષા કે ઇચ્છાથી કરાયેલાં કર્મો નહિ, પરંતુ ઈશ્વરને અર્પણ કે સમર્પિત થયેલાં (નિષ્કામ) કર્મોથી જ ચિત્તની શુદ્ધિ થાય છે, અને તેવાં કર્મો જ મુક્તિનું પરોક્ષ સાધન બને છે.'

**–શ્રીકાર્તિકેય ભટ્ટ**

**('અધ્યાત્મચિંતનનાં મોની')**

# ॥ શ્રીરંગ અવધૂતજીના પ્રેરક પ્રસંગો ॥

✻ **જન્મ :**

ગીતામાં કહ્યું છે :

પ્રાપ્ય પુણ્યકૃતાં લોકાનુષિત્વા શાશ્વતીઃ સનાઃ
શૂચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે ।

શાસ્ત્રસંમત અને અનુભવી સંતોને સંમત એવી પવિત્રતા જેણે જાળવી છે અને જે આત્મલક્ષીયુક્ત છે તેવાને ત્યાં યોગભ્રષ્ટ મહાપુરુષ જન્મ લેતા હોય છે.

તા.૨૧/૧૧/૧૮૯૮માં કારતક સુદની ગોપાષ્ટમીએ ગોધરામાં વિઠ્ઠલ ભટ્ટજી રુકમણીને ત્યાં સ્વયં વિઠ્ઠલનાથ પંઢરીનાથ જ અવતર્યા સખારામ સરપોતદારે નામ ‘પાંડુરંગ’ પાડ્યું.

✻ **સામાન્ય બાળકથી જુદો :**

ગંદુ ગમે નહિ, ભૂખતરસની પીડાથી પર, રમકડાંથી નહિ, દેવમૂર્તિઓ તરફ મીટ માંડી એકીટસે જોયા કરતો.

ગોધરામાં પ્લેગ થતાં નવ-દશ વાસના બાળકને કંકુથાંભલા ગોવિંદી નામના નજીકના ગામે ચાલ્યા જવું પડ્યું. કુમળીવયથી જ નિર્જન અરણ્યવાસ !

નવ માસની વયથી જ સુસ્પષ્ટ અવાજ, અણિશુદ્ધ શબ્દોચ્ચાર. નજર ન લાગે એટલે માએ ભ્રૂકુટીસ્થાને છુંદણું છુંદાવ્યું.

✻ **રામમંત્રપ્રાપ્તિ :**

દોઢેક વર્ષની વયે બાળકે નનામી જોઈ ‘રામ બોલો ભાઈ રામ’ સાંભળ્યું, પિતાને પૂછ્યું ‘શું હતું ?’ બીજે દિવસે પણ એવું દશ્ય જોતા ફરી પ્રશ્ન-આને પણ સ્મશાનમાં બાળી નાખશે ! મારી બા પણ મરી જશે ? તમે પણ મરી જશો ?

તો પછી મરી ન જવાય એવું ન થાય ? પિતા : થાય. રામ રામ કરે તો ન મરાય !

બાળકના દિલમાં આ શબ્દો સોંસરા ઊતરી ગયા. બાળ પાંડુરંગમાં શ્રદ્ધા ઊગી. રામ રામ જાપ અંતર કર્યા કરતું. વ્યવહારનાં બધાં કાર્યો ચાલ્યા કરતાં પણ અંતઃપ્રવાહ આ જ ચાલ્યા કરતો.

✻ **પાંચ વર્ષની વયે પિતાનું મૃત્યુ :**

મહારાષ્ટ્રમાં જિલ્લાના સંગમેશ્વર તાલુકામાં દેવળે ગામમાં વળામે કુટુંબ (જે વૈદિક વિદ્યાના પરમ ઉપાસક તરીકે પ્રસિદ્ધ હતું ખડગેશ્વર મહાદેવ ઉપાસ્ય !)

### ✻ ગુરુ પ્રત્યે સર્વસમર્પણભાવ

દત્તાવતાર શ્રીમન્નૃસિંહ સરસ્વતીના સુવિખ્યાત લીલાસ્થાનો 'ઔદુમ્બર' અને 'ગાણગાપુર'માં ભાવપૂર્વક નમસ્કાર કરાવી મા બેઉ ભાઈઓને ત્યાં વિરાજતા પરમ પૂજ્ય ટેમ્બે સ્વામીના દર્શનાર્થે લઈ ગયા. શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ જાણે આ બાળકની પ્રતીક્ષામાં હોય ! સાષ્ટાંગ નમસ્કાર કરવાનું કહેતાં બાળ પાંડુરંગે સ્વામીના ખોળામાં માથું મૂકવા દોટ મૂકી પણ માસીએ અટકાવ્યો.

પણ એને જોતાં સ્વામીજી બોલ્યા 'આ અમારો બાળક છે.' કેમ રે દીકરા તું કોનો ? પૂછતાં બાળકે કહ્યું, 'તમારો જ' અને ફરી ખોળામાં માથું મૂકવા તલસ્યો પણ બધાંએ રોકી રાખ્યો; તેણે મનોમન સ્વામીના ચરણકમળમાં પોતાનું મસ્તક સદાને માટે મૂકી દીધું.

મોટા થયે આ વાત યાદ કરીને તેઓ કહેતા કે, 'તમને બધાંને મારું માથું મારા ધડ ઉપર' દેખાય છે પણ વાસ્તવિક રીતે તો મારું માથું ગુરુ મહારાજના ખોળામાં તે દિવસનું મૂકી દીધેલું છે તે હજુ પણ ત્યાં જ છે, એ મેં ત્યાંથી ઉઠાવ્યું જ નથી.

ફરીથી સ્વામીજીના સ્થૂળ દેહના દર્શન પણ તેઓ કરી શક્યા નથી છતાં અહર્નિશ એમનું અનન્યભાવે નિષ્ઠાપૂર્વક ચિંતન કર્યા કરીને હજારોના એ ગુરુ બન્યા !

### ✻ આર્તસ્વરે સતત પ્રભુપોકાર :

ગુરુ પ્રત્યેના આ સર્વસમર્પણભાવે પાંડુરંગમાં અપરિચિત તેજસ્વિતા પ્રગટાવી.

ત્યારથી સ્વપ્નસૃષ્ટિમાં કશાકની શોધમાં મનોમન કહે છે :

મને આ જગતનું કશું જ ગમતું નથી. હે ભગવાન, તું જો મને પગમાં પહેરે તો હું ચંદનની પાવડી થઈને તારા ચરણકમળમાં પડી રહીશ.

તું તારા કાળા કેશ પખાળવામાં મારો ઉપયોગ કરે તો હું નદીની ભેખડ પરની રેશમ જેવી કાળી માટી થઈ જાઉં.

તું મારી ભસ્મ તારા શરીરે ધારે તો હું આ શરીરને 'અગ્નયે સ્વાહા' કરી, ભસ્મીભૂત થઈ જાઉં.

તું મને આસન કરીને બેસે તો હું હરણ થઈને પારધીન હાથે હોંશે હોંશે વીંધાઈ જાઉં. ને મૃગચર્મ બની તારી પાસે આવું.

આ બધાંયમાંથી કોઈ રીતે હું તારી સેવામાં કામ ન આવું તો

છેવટે કૂતરો થઈને તારા ઘરની ચોકી કરી સંતોષ માનીશ.

પણ તારા વિના મારાથી હવે જીવી શકાય તેમ નથી.

**'મો હે દ-ત દરસ કી હાસ,**
**કોઈ મિલાવો રે'**

આમ આર્દ્ર સ્વરે-આર્ત સ્વરે પ્રભુને પોકાર કર્યા કરી રડ્યા કર્યું- આખી પથારી પલળી ગઈ. સદ્‌ગુરુ એ કરુણાસાગર પ્રગટ્યા કહ્યું, 'પોથી વાંચ, પોથી વાંચ.'

એક વખત એક શિક્ષકે કારણ વિના પાંડુરંગને પાટલી પર ઊભો થવા કહ્યું, એણે આદર-વિનયથી કહ્યું, 'સાહેબ, મારો કશોય વાંક નથી, છતાં તમે કહો છો તો ઊભો થાઉં છું' એટલામાં હેડમાસ્તર આવ્યા વર્ગમાં પહેલા-બીજા આવનારને આમ જોઈ કહ્યું 'કેમ વળામે, બહુ મસ્તી સૂઝે છે કે શું ?' તે બોલ્યો, 'સાહેબ વર્ગને અરે ! સાહેબને જ પૂછો. કે મારા કયા વાંક માટે આ શિક્ષા કરી છે !'

એક શિક્ષકે શેરેક રીંગણા ઘર માટે લાવવા વળામેને રૂપિયો આપ્યો. કાછીઆને કહ્યું, 'ડોહ્યલાં રીંગણાથી કોથળો ભરી આપ.' આવી ટીબળ-વિનોદ. પણ 'આંતર આધ્યાત્મિક પ્રવાહ' એકધારો.

નાનપણથી સંધ્યાવંદનાની ષટ્કર્મ, રામરક્ષાસ્તોત્ર, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુસહસ્રનામ વગેરે કંઠસ્થ.

મામા માંઘે જોષી આવેલા-પોથી જાળવનાર, એનો નિયમિત પાઠ કરનારને શોધતા હતાં. 'આ જ પોથી વાંચવાની આજ્ઞા' ગુરુએ કહેલી, એટલે નિયમો પાળવાની બાંહેધરી આપી પોથી મેળવી.

મોઘે મામાને શિરડીના સંત સાંઈબાબાએ 'ગુરુચરિત્રની પોથી' નિત્ય અધ્યાય માટે આપેલી. જેના સેવનથી તેમને પુત્રરત્નની (શેર માટીની ખોટ પૂરાઈ) પ્રાપ્તિ થઈ.

આમ આઠ વરસની વયે કોલ્હાપુરમાં જે વરદ આજ્ઞા મળેલી તે સમય પાકતાં સિદ્ધ થઈ. સત્પુરુષની પ્રસાદીરૂપે પ્રાપ્ત 'પોથી' અણધારી અનાયાસે પ્રાપ્ત થઈ આનું જ નામ 'દેવનું કામ દેવ કરે છે.' જે સમયે જે થવાનું નિર્મિત થયું હોય છે તે થયા જ કરે છે. અભિમુખ રહેવાના સતત પુરુષાર્થની એક અનિવાર્ય શરત પાળીને મનુષ્ય અનન્યભાવે પરમાત્માનું શરણ સ્વીકારે તો બીજું બધું ભગવાન સંભાળી લે છે.

યજ્ઞકર્મમાં યજ્ઞનારાયણને સંતુષ્ટ કરવામાં કોઈપણ પ્રકારનો વ્યત્યય-ક્ષતિ ન થાય તેની પૂરતી કાળજી તેમણે રાખી.

જે ક્ષણે જે કામ સહજભાવે આવી પડતું તેને ઉત્તમમાં ઉત્તમ

રીતે દીપાવવા પ્રયત્ન કરતા. ક્યાંય જરાય ગાળિયું કાઢવાની વૃત્તિ નહિ 'પ્રમાદો વૈ મૃત્યુઃ' એ સૂત્ર અનુસાર પ્રમાદથી દૂર રહેતા.

અભ્યાસમાં એકાગ્રતા સાથે પ્રત્યુત્પન્નમતિ પણ તીવ્ર પરાણે નહિ, અંતરમાંથી સહજ ભાવે ઊઘડતી ઈશાનગ્રહથી !

✻ **અનન્ય હિંમત-નિર્ભયતા :**

મૅટ્રિકની પરીક્ષામાં પ્રિ.રોબર્ટસને પૂછ્યું, તમે જનોઈ કેમ ધારણ કરો છો ? પ્રશ્નનો જવાબ પ્રશ્નથી આપું ? આપ, કોલર-નેકટાઈ કેમ ધારણ કરો છો ? એ ખ્રિસ્તી ધર્મનું ચિહ્ન છે. આ હિન્દુ બ્રાહ્મણોનું ધર્મચિહ્ન છે. એ ન પહેરો તો હિન્દુ બ્રાહ્મણ મટી જાઓ ! કોલર-નેકટાઈ ન પહેરો તો ખ્રિસ્તી મટી જાજો. મને યાદ રહે કે હું સાચો ખ્રિસ્તી છું, ખોટું કામ કરતાં અટકું ને શુદ્ધ જીવન જીવું. મારી જનોઈ મને ખોટું કામ કરતાં રોકે છે. અને સાચા બ્રાહ્મણોનું પવિત્ર જીવન જીવવાનું યાદ આપ્યા કરે છે.

સફાચટ કરાવવાથી મગજ ઠંડુ રહે છે, સદ્‌વિચારોના સ્ફુરણ માટે અવકાશ રહે છે. આપ પણ આવો કરાવી જોજો, મગજ ઠંડુ ન રહે તો મને નાપાસ કરજો.

વિદ્યાર્થીની હિંમત, નિર્ભયતા, સચ્ચાઈથી પહેલો નંબર પ્રાપ્ત કર્યો.

✻ **અદ્‌ભુત આત્મશ્રદ્ધા :**

જ્યોતિષ ખોટું પાડી ઈન્ટરમાં પાસ થવા. 'જો છાપામાં નંબર ન આવે તો સમજવું કે, છાપાવાળાની ભૂલ છે. શરતચૂકથી નંબર રટી ગયો છે. (આત્મવિશ્વાસની બુલંદી)' 'અરે તુમ બડા કબીરા બન ગયા !' ગુરુચરણમાં અટલ શ્રદ્ધા.

✻ **સાધનાનો ભીતરી પ્રવાહ :**

જ્યારે માણસને પાણીમાં ડૂબવાનો પ્રસંગ આવે છે ત્યારે તેને પ્રાણવાયુ સિવાય કંઈ યાદ ન આવે. તેમ મનુષ્યને જગતના સર્વ વિષયો વિધિવત્ લાગે—એમાંથી ઉગારનાર એકમેવ પરમતત્ત્વ-પરમાત્માના દર્શનની તમન્ના-એને માટે કંઈ પણ કરવા તૈયાર !

બાહ્ય જગતમાં બધો જ વ્યવહાર છતાં કશાયથી લેપાતા નહિ.

રામ-નામની દીક્ષા, જાય. સાધનાનો અતૂટ એકધારો પ્રવાહ. એમનું જીવન એટલે જ એક સળંગ અનુષ્ઠાન. (સૂર્યોદય-સૂર્યાસ્તની જેમ નિયમિત)

✻ **નિર્ભ્રાન્ત-નિર્ભેળ દૃષ્ટિ :**

ગાંધીજી : ડાકોર દેવસ્થાન ખરું પણ એમાં ગંદકીનું પ્રમાણ બહુ.

વળામે : ડાકોરનાથ સિવાય બીજો કઈ વિચાર મનોચક્ષુ સમક્ષ

હતો જ નહિ, ગંદકીના વિચારને એમાં સ્થાન જ નહોતું. જે વખતે જે કામ કરવા જઈએ એમાં જ ધ્યાન કેન્દ્રિત કરીએ તો એ કામ સફળતાપૂર્વક મનમાની રીતે સિદ્ધ થાય.

ગૌણત્વ કે મહત્ત્વ કોને આપવું તે વ્યક્તિ પરત્વે ને વિષયપરત્વે આધાર રહે છે.

**✻ <u>રાષ્ટ્રીય શાળાના શિક્ષક :</u>**

મોડેલ હાઈસ્કૂલ—'રાષ્ટ્રીય આદર્શ વિનયમંદિર' તરીકે ગુજરાત વિદ્યાપીઠની માન્યતા મેળવનાર શાળા તરીકે ઓળખાઈ. તેમાં સંસ્કૃતના શિક્ષક તરીકે શ્રી વળામેની નિમણૂક થઈ.

અહીં તેમના આંતર આધ્યાત્મિક પ્રવાહને છૂટથી વહેતો થવાનો અવકાશ મળ્યો. રાતના બે વાગે ઊઠી, સ્નાનાદિથી પરવારી ધ્યાનાદિમાં બેસી જાય.

**✻ <u>સાચું ઈન્સ્પેક્શન :</u>**

ઈન્સ્પેક્શન નિરીક્ષકે વળામેના વર્ગ પાસે આવી પૂછ્યું 'શિક્ષક ક્યાં ? ઉત્તર મળ્યો જમવા ગયા છે ?' પ્રિન્સિપાલે કહ્યું, આ શરત કબૂલી એમને લીધા છે.

વર્ગમાં મૉનીટર ઊભો હતો. સૌ સૌનું કામ કરતા હતા. ઝીણો ગણગણાટ પણ ત્યાં નહોતો. નિરીક્ષણ કરી નિરીક્ષક બહાર નીકળ્યા વળામે મળ્યા પૂછ્યું, 'જમી આવ્યા ? આટલા વહેલા ?'

ઉત્તર : 'સાહેબ ! મારો સૂરજ બે વાગ્યે ઊગે છે. માર્મિક વ્યંગ; જ્યારે આપનો છ વાગ્યે. આપ જમો છો એના કરતાં કલાકેક હું મોડો જમું છું.'

'આમેય (સાચા) શિક્ષકની પરીક્ષા એની ગેરહાજરીમાં જ થાય. નિષ્ઠા યોગક્ષેમ વહામ્યહમ્ । ચાલો હું કેવુંક ભણાવું છું તે તો જરા જુઓ, હું ક્યાં છું તેની મને સમજ મળે.'

નિરીક્ષક હસતા હસતા ચાલ્યા.

**✻ <u>વિદ્યાર્થી અને પેંડા :</u>**

ગુરુવારે વળામે ઉપવાસ કરે—બપોરની રજા વખતે એક જ વિદ્યાર્થી પાસે દર વખતે એક રૂપિયો આપી દોઢ પાશેર પેંડા નક્કી કરેલી દુકાનેથી જ મંગાવે. એક જ માપ-ઘાટના-વજનના પેંડા આવે છતાં દર વખતે સંખ્યા ઓછી-વત્તી. (પાંચ-ચાર-સાડાચાર, છ..) બે-ત્રણ મહિના આમ ચાલ્યું.

એક દિવસે એ વિદ્યાર્થી અચાનક એમની પાસે આવી ધ્રૂસકે-ધ્રૂસકે રડવા માંડ્યો. 'સાહેબ આપે મંગાવેલ પેંડામાંથી મેં રોજેરોજ

કંઈકને કંઈક ખાધું છે અને પાછા મળેલા પૈસામાંથી પણ કોઈ કોઈ વળી ચોરી લીધા છે.'

ઉત્તર : 'દીકરા, રડ નહિ. તને એવો વિચાર કેમ ન આવ્યો કે તને ભણાવનારમાં તારા કરતાં કંઈક વધારે સમજણ હશે. પણ મારે તને મહેનતાણું તો ચૂકવવું જ જોઈએ ને ? તેં તારી મેળે લઈ લીધું. ને તને પૂછવાનું માંડી વાળ્યું ! તું ચોરી કરે છે એવા વિચારને મારા મનમાં મેં સ્થાન આપ્યું જ નથી.'

જગતમાં એકે પાપ એવું નથી જે પશ્ચાત્તાપની ભઠ્ઠીમાં બળીને ભસ્મ ન થઈ જાય.

મારે તને નહિ તારે જ તારી જાતને બચાવવાની છે. તું જ તારો મિત્ર ! શત્રુ. ક્ષણિક આવેશ ક્રોધને વશ થઈ વિદ્યાર્થીના હૃદયમાં વહેતો અનુકંપાનો ઝરો સૂકાઈ ન જાય તે માટે જીવનની પ્રત્યેક ક્ષણે અનન્યભાવે શરણે બેઠેલાનું ભગવાન સંભાળતો જ હોય છે. વિદ્યાર્થીને જીવનપાથેય, પોતાની મનોવૃત્તિને પરમાત્મા પરથી ચળવા ન દીધી.

**❊ <u>ટીખળમાં શાંતિ :</u>**

ઢીંચણ સુધી લાંબા વાળ-જોઈ ટીખળી છોકરાઓ 'નાટકની બાયડી' કહેતા કૂદતા લાગ્યા તો પોતે પણ તાળી પાડી તેમના સૂરમાં સૂર પૂરાવતા બોલવા લાગ્યા 'નાટકની બાયડી !'

આધ્યાત્મિક માર્ગના પ્રવાસીની અહીં જ પરીક્ષા 'નાહં દેહઃ' સાધના જીવનના દરેક પ્રસંગમાં નજરે પડતી હતી.

**❊ <u>વાંસળી ભાંગી નાખી :</u>**

વળામેને વાંસળી વગાડવાનો ખૂબ શોખ. રોજ વગાડતા, એક દિવસ ન વગાડી એટલે એક બેને કહ્યું 'બાબુભાઈ આજે વાંસળી કેમ ન વગાડી ? મને સાંભળવી બહુ ગમે છે.' એ સાંભળીને એમણે ઘરમાં જઈ વાંસળી ભાંગી નાંખી.

'આ બેન વાંસળીના નાદમાં લુબ્ધ બને, તેનું પતન થાય તેમાં જવાબદાર તો હું જ ને ?' મને ગાવું ગમે છે તો બહાર એકાંતમાં-ખુલ્લામાં ગાઉં તો મને શું નકુશાન જવાનું છે ?

જીવનમાં નાનામાં નાનો પ્રસંગ પણ આધ્યાત્મિક શાસ્ત્રની એરણ પર એ ચકાસી લેતા.

**❊ <u>વાઘ નાઠો !</u>**

કેદારેશ્વરમાં ધર્મશાળાના દ્વારમાં વાઘ ચોકમાં કૂદવા લાગ્યો, વળામેએ જંગલ ગજાવી મૂકે એવા બુલંદ અવાજથી ગુરુદેવદત્તની

પ્રતિગર્જના કરી, લાકડી ધર્મશાળાની ફરસબંધી પર પછાડી, વાઘ નાઠો. ઉપાસનાનું સામર્થ્ય.

❊ <u>**દૈવી આદેશ-સ્વપ્નમાં**</u>

ગુરુશિખર પર હોય કે નર્મદાની ગોદમાં ઉપલક દૃષ્ટિએ પ્રવાસ પણ અંતરમાં અનેરા ભાવહિલોળા-પરમાત્મદર્શનની તાલાવેલી ગુરુમહારાજને આજીજી..

'તૂ માય સંતે ભે કહં ગુરુજી ન કો બિસરું રે ન કો બિસરું' 'મોહે દત્ત દરસ કી આસ કોઈ મિલાવો રે.' અને સ્વપ્નમાં જ સ્વામી મહારાજ પ્રગટ થયા. મંત્રનો જપ અને દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કરવાનો <u>આદેશ</u> આપી અંતર્ધાન થયા.

દત્તપુરાણ મેળવવાની તાલાવેલી : કલ્યાણજીભાઈને ત્યાંથી મળ્યાં—પ્રાકૃત ગ્રંથાવલોકન.

સંસ્કૃતના જ્ઞાનનું ઘમંડવિષ ઉતારવા માટે પ્રાકૃત સાહિત્ય જોયું.

❊ <u>**સંસ્કૃત ભાષામાં માનપત્ર :**</u>

ગુજરાત વિદ્યાપીઠનો શીલારોપણવિધિ કરવાના નિમિત્ત પ્રસંગે શાળામાં વિજ્ઞાનશાસ્ત્રી ડૉ.પ્રફુલ્લચંદ રોયને માનપત્ર-ખાદી પર છપાવ્યું. અંતરની આત્મપ્રભાથી તે પ્રભાવિત થયા.

ભગવાન જેની પડખે તેની આગળ દુન્યવી કાવાદાવા હેઠા પડે છે.

સાનુકૂલે જગન્નાથે સાનુકૂલં જગત્ત્રયમ્ ।
નાનુકૂલે જગન્નાથે નાનુકૂલં જગત્ત્રયમ્ ॥

❊ <u>**શાળા છોડી :**</u>

સંચાલકો સાથે વિચારભેદ થતાં—છોટુભાઈને(વિદ્યાર્થીને) ત્યાં ગયા ભક્તમંડળી સાથે-રાતે નહિ જમવાનો નિયમ મંડળીને લીધે ભાંગ્યો.

નિયમ જીવનને વિશુદ્ધ રાખવા માટે, નહિ કે તેને જડસુની પેઠે વળગી રહેવા માટે ! અલબત્ત, વિના પ્રયોજન નિયમભંગ કરનાર પોતાની સંકલ્પશક્તિ ક્ષીણ કરે છે.

❊ <u>**એની બેસંટની ગીતાના ભાષાંતરની ભૂલ કાઢી :**</u>

અંગ્રેજી સારું હોય પણ ગીતાનું હાર્દ ? 'તું હોય કે ન હોય તો પણ બધા હણાયેલા જ છે કોઈ બીજી જ અચિન્ત્ય શક્તિ એ બધાને હણાવવામાં કામ કરી રહી છે.' અહીં—'તારા વિના બધા હણાયેલા છે. અને તું એકલો રહ્યો છે.' મુદ્દો—હણનાર શક્તિ કોઈ બીજી છે.

તું શાને હે અર્જુન કર્તૃત્વનું અભિમાન માથે લઈને ફરે છે ? તું ન હોય તો પણ એ બધા જ હણાઈ ચૂકેલા છે. તું ન હોય તો ખાલી નિમિત્ત જ છે. Without thee=તારા વિના નહિ In spite of yourself અર્થ લેવાનો.

વિષયના હાર્દની સૂક્ષ્મ સમજ.

✻ **<u>સ્પષ્ટવક્તા :</u>**

અનસૂયાબેનને ભણાવવા જતા. એ બહારગામ હતા ત્યારે નિર્મળાબેને એમને 'રીટ્રીટ' બોલાવેલા-મરેમાનખંડમાં બેઠેલા. ત્યાં સરલાબેન આવ્યા પૂછ્યું 'આપને કોનું કામ છે ?' જવાબ 'મારે તો કોઈનું ય કામ નથી. પણ શ્રી નિર્મળાબેને બોલાવ્યો શું ખાવું છે.'

પ્રશ્ન : 'આપે ક્યા ક્યા ગ્રંથ જોવા છે ?'

ઉત્તર : મારી યાદી સાંભળીને જ મારા જ્ઞાનનું માપ કાઢવાનું હોય તો આપનો ગ્રંથપાલ યાદી આપી શકશે. બીજા બુકસેલરો પણ આપશે પણ ગ્રંથની યાદી ઉપરથી આપનારના જ્ઞાનનું માપ નીકળે ?

પણ આપે જે જે ગ્રંથ જોયા હોય તેનાં નામ કહો એટલે એમાંના કોઈ ગ્રંથ સંબંધે આપણે કંઈક વાતચીત કરીએ.

લગ્ન ? : મારું લગ્ન તો યોગશ્રી સાથે ક્યારનુંયે થઈ ગયું. એ યોગલક્ષ્મી આગળ જગતની સર્વલક્ષ્મીનું નૂર ઝાંખું પડે છે.

✻ **<u>ભયંકર બિમારી :</u>**

જતા-જતા રહ્યા-અંતર્મુખ વૃત્તિ થઈ, સ્ફૂર્તિ આવી-કાગળ કલમ માંગ્યાં, બે ભજને ટપકાવ્યાં—દત્તાષ્ટક, દત્તશરણાષ્ટકમ્

ઢૂંઢત દેખા જગતમેં સાર વસ્તુ હૈ એક
જિન પાયે સબ પા લિયા દત્ત દત્ત હો ભેદ
ત્યજ સંસારં ભજ રે સારં સર્વાધારં શ્રીદ્તમ્
કરુણાધારં દીનાધારં વારંવાર મૂઢમતે
રુપાતીતં રુપનરુપં રુપવિરુપં મૂઢમતે

જીવલેણ બીમારીમાંથી બહાર આવ્યા, ભાઈ સ્નાતકની પરીક્ષામાં પાસ, શિક્ષક બન્યા, પૂજ્ય માજીના જીવને ટાઢક મળી. 'પ્રભુમિલનની તાલાવેલી' ઉમટી પડી.

✻ **<u>સંતો સાથે મિલન :</u>**

—હિમાલય-સંતોનું મહિયર-પીયર પરમ ધામ 'યદ્ ગત્વા ન નિવર્તન્તે તત્ ધામ પરમં મમ'

### ❊ સાંઈખેડાના સંતની સંનિધિમાં :

પરમાત્માનું જંગમ સ્વરૂપ શ્રી ધૂનીવાલા દાદા—એમની પાસે દર્શનાર્થીઓ ભાતભાતની વસ્તુઓ અતિભાવથી પ્રસાદ માટે મૂકતા, દાદા તરત જ 'અગ્નયે સ્વાહા' કરી દેતા. (ધૂણી ધખાવ્યા કરતા)

વળામે કેરી લઈને ગયા, ચરણે ધરે તે પહેલાં દાદાએ ઝડપ મારી લઈ ખાવા મંડ્યા ! કૃપા વરસી.

### ❊ શિષ્ય છોટાદાદા પાસે :

'હિમાલય જવા નીકળ્યો છે પણ એનું કામ ત્યાં થવાનું નથી. નર્મદા કિનારે એણે રહેવાનું છે.' દાદા મોટેથી બોલતા હતા.

શીખ સાથે કાયો, શીખે રેકર્ડ ચાલુ કરી, 'રોકાઈ જા' કહ્યું—ના માન્યો એટલે 'ચલે જા' હું ય ઊઠ્યો મને કહ્યું, 'તું કહા જાતા હૈ ? બૈઠ બૈઠ.' વિનંતી—પાંવમેં સિર રખ્ખું ? હા હા રખ, સો 'અનુષ્ઠાનકે લિયે કહરું !'. 'વાપિસ જા જંગલમેં મંગલ.'

લંગડે સ્વામીની સૂચના : વડોદરામાં રેવા કિનારે નિર્જન વેરાન પ્રદેશમાં કશી ખટપટ ઊભી ન થાય તેવે ઠેકાણે ઉત્તર તટ ભરૂચ અને શૂલપાણની વચમાં એકાંતમાં રહેવાનું રાખો.

### ❊ ગુરુ મહારાજનો સંકેત :

'આ શરીરને ગુજરાતની બહાર જવા દેવું નથી.' (મોટા મહારાજ સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની ઈચ્છા) એમાં ગુરુમહારાજનો ગઢ સંકેત—'ગુજરાતનો ખૂણેખૂણો 'દત્ત', 'દત્તા'થી ચલાવવો હતો. ગાજતો કરવો હતો.' દત્ત ઉપાસનાથી રંગવો હતો.

અધૂરી સાધના—આખરી સાધના નર્મદાકિનારે સ્થિર થાય. એવી શુભાશિષ સાથે વિદાય.

### ❊ સાધકનું સ્થાન :

સાકેરીના સંતરાજ શ્રી ઉપાસની બાબાએ કહ્યું 'જેનાથી લોકોને-સમાજને 'ઉદ્વેગ ન થાય ને લોકોથી જેને ઉદ્વેગ ન થાય.' એ સત્પુરુષનું લક્ષણ કેળવવા આજુબાજુનું વાતાવરણ અનુકૂળ રહે તેવું સ્થાન પસંદ કરવું.

ઈશાનુરક્તિમાં મસ્ત રહેવું, ઈશાનુસંધાન તૂટવા ન દેવું, સદા જાગ્રત-સાવધાન. લોકોપકારક પ્રવૃત્તિઓનાં પ્રલોભનોમાં ગાફેલ રહ્યા તો તણાયા જાણજો. પૂછ્યા વિના કોઈને સલાહ ન આપતા.

**—સંકલન**

## ॥ 'જેવો છું તેવો હું' ॥

જેવો છું તેવો હું
    સ્વીકારી લેજે તું
અંધારે ઘેર્યો છું
    ઝળહળ કરી દેજે તું.
રડતો, રઘવાયો છું.
હસતો કરી દેજે તું
રોગે ઘેરાયો છું
ઔષધ અમૃત છે તું...જેવો છું...
    જન્માંતર પ્યાસો છું
    અમૃતની ધાર છે તું
    બુઝાતી વાટ છું હું
    સંકોરી લેજે તું...જેવો છું...
પ્રહારે ઘવાયો છું
પંપાળી લેજે તું
સર્વરોગનું ઔષધ તું
પટાવી પીવાડજે તું...જેવો છું...
    મધદરિયે ડૂબ્યો છું
    ઉદ્ધારક, તારક તું
    સર્વેશ્વરી નાથ છે તું
    સુખધામ છે સૌનો તું...જેવો છું...

**–શ્રી'મા' સર્વેશ્વરી**

**(રાગ : હરે રામ હરે રામ ગુરુદેવ મેરે)**

# ॥ કાવ્યસમીક્ષા ॥

સહસ્ર સહસ્ર પદોથી ગુજરાતી કવિતાનું સુમેરુ શિખર સર કરી લેનાર, પરમ પ્રેમમયી-કરુણામયી 'મા'ની સર્જકપ્રતિભાનો સહજ આવિષ્કાર આપણને મુગ્ધ કરી દે એવો છે.

મોટા ભાગનાં પદોનો વિષય એક જાગૃત ચેતના પરમ ચેતનાને ઓળખી, એની સંનિધિમાં સતત રહી, એનો જ એક અવિભક્ત અંશ બની રહેવાની ઝંખના વ્યક્ત કરે છે. એમાં અદ્‌ભુત પ્રભુપ્રેમ અને અનન્ય સ્વાર્પણ મહેકે છે. અહમ્‌ને સંપૂર્ણપણે ઓગળવા દઈ, આત્મસ્વરૂપની આભા પામવાનો એમાં જાણે એક રાજમાર્ગ છે.

પરંતુ 'જેવો છું તેવો હું સ્વીકારી લેજે તું' પદ શ્રી'મા' સર્વેશ્વરીની કાવ્યપ્રતિભાની એક નવી જ કોર ઉઘાડે છે; જેમાં પ્રભુ સર્વોત્તમ ચેતનાના શૃંગે બિરાજમાન છે અને પોતે (કાવ્યનાયક) એક સામાન્ય, અતિ સામાન્ય, દુર્બળ-નિર્બળ જીવ છે, જે પોતાની તમામ મર્યાદાઓથી સભાન છે. એટલે સર્વસમર્થ પ્રભુનું શરણ લઈ, તેમની આગળ એક પછી એક પોતાની તમામ અશક્તિઓ-ઊણપો-અધૂરપોને ખુલ્લી મૂકી દે છે; એ જ એની 'પ્રાર્થના' બની જાય છે. દયા-કારુણ્ય-અનુનય, વિજ્ઞપ્તિ, કાકલૂદી જેવા સ્વરો એમાં તારસ્વરે પ્રગટે છે.

પણ નિતાન્ત આત્મતિરસ્કાર અનન્ય આત્મશ્રદ્ધા-પ્રભુશ્રદ્ધામાં પરિણમે એ કાવ્યનું લક્ષ્ય છે; જે પૂ.શ્રી'મા'ની શ્રીકલમ સહજ રીતે સિદ્ધ કરે છે.

કાવ્યના પ્રારંભમાં જ નાયક પ્રભુને સ્પષ્ટ કહી દે છે : 'જેવો છું તેવો હું' પ્રાકૃત; અણઘડ, જેના પર કોઈ સંસ્કરણ થઈ શક્યું નથી. એવા મારા સ્વરૂપને તું સ્વીકારી લેજે. પ્રભુ સખા હોય એમ એક મિત્રના હકથી સીધો પ્રેમાદેશ કરી દે છે.

મારો સ્વીકાર એટલે એક અંધારાથી ઘેરાયેલા જીવ કે જે અંધારાના આવરણોથી ગ્રસિત છે; તેને પ્રકાશમાન-ઝળહળ તારે કરવાનો છે.

બીજી મારી ઓળખાણ-હું રડતો-કકળતો છું, રઘવાયો છું, ભ્રમિત છું, મારામાં રઘવાટ છે, વલોપાત છે, દિશાહીનતા છે. એને હસતો કરી દેવાનું કામ તારું છે.

હું રોગથી આવૃત્ત છું, નિરોગી નથી રહ્યો, એ હું જાણું છું, પણ સાથે એ પણ જાણું છું કે, તું સાધારણ ઔષધ નહિ, અમૃત ઔષધ છે, સંજીવનીનો ગુણ તારામાં છે.

હું જન્મ-જન્માંતરોથી તૃષિત છું, પણ તું તો અમૃતની ધાર છે, જો મારી વાટ બુઝાતી વાટ છે, પણ એ હોલવાઈ જાય એ પહેલાં તું સંકોરી લેજે.

કંઈ કેટલાય પ્રહારોથી ઘવાયો છું, આહત છું, તું મને પંપાળી લેજે.

એટલું તો હું જાણી ચૂક્યો છું કે તું 'સર્વરોગનું ઔષધ' છે, આધિ-વ્યાધિ-ઉપાધિજનિત જે પણ કોઈ રોગ હોય, એને મટાડવા તારે હાથ છે. પણ હું એવો અળવીતરો છું કે, જાણ્યા પછીય અમલમાં મૂકી શકતો નથી. તો તું જ મને પટાવી-સમજાવી, પીવાડજે. તારે જ પ્રેમથી આ કેસ હાથમાં લેવો પડશે.

હું જાણું છું કે, કિનારો બહુ દૂર રહી ગયો છે. એક છૂટ્યો નથી, બીજો પકડાયો નથી તેથી મધદરિયે ડૂબું છું નહિ, ડૂબી જ ગયો છું. પણ તું તારક-ઉદ્ધારક છે. (એટલે તું તારશે, ઉગારશે એવી શ્રદ્ધા છે.)

તું સર્વેશ્વરીનો નાથ છે, સ્વામી છે. અને સૌનો સુખધામ છે, બધાંના સુખોનું કેન્દ્ર છે. એટલે તારી જ પાસે આ સઘળી આશાઓ ઠાલવી રહ્યો છું.

જીવમાત્ર તરફ દયા, અનુકંપા, પ્રેમ એ પ્રભુનો સ્વભાવ છે, શીલ છે. પણ આ પ્રભુ કોઈ આકાશમાં ઊંચે દૂર વસેલું કોઈ તત્ત્વ નથી, 'મા' સર્વેશ્વરીના જીવનનું સુકાન હાથમાં લઈ, એનું જીવન સંભાળ્યું છે. જે 'મા'ના નાથ-સ્વામી છે, એનામાં 'સૌનું સુખધામ' બની રહેવાની સહજ અનુકંપા છે.

જે પરમ તત્ત્વે પૂ.'મા'ને સંભાળ્યો, સાચવ્યાં એ સૌને સાચવશે, તારશે-ઉગારશે એવી શ્રદ્ધા સાથે કાવ્ય વિરમે છે.

આપણા સર્વના મન-અંતરમાં એક પ્રતિઘોષ મૂકી જાય છે કે,

જીવ નમે તેટલો તમસૂથી ઘેરાયેલો હોય, દિશાહીન હોય, તૃષિત હોય, રોગી હોય, અરે, મધદરિયે ડૂબ્યો હોય તોય એ તારક બનીને આવે જ છે.

પૂ.શ્રી'મા' એના પ્રમાણ તરીકે પોતાનું જ દૃષ્ટાંત ધરી દઈ, આપણી પ્રભુશ્રદ્ધાની હાલમડોલ નાવને સ્થિર કરી દે છે.

આમ, આ કાવ્યમાં અમીટ પ્રભુશ્રદ્ધાનો એક પ્રબળ ટંકાર શ્રી'મા' પોતાની સ્વાનુભૂતિમાંથી પ્રગટાવે છે. એટલે પ્રભુ જેવા 'મા'ને ફળ્યા એવા આપણને પણ ફળશે જ. આપણી કોઈ આવડત-યોગ્યતાથી નહિ, પણ 'મા'નું જીવન ધન્ય-સાર્થક કરીને એક એવું જીવંત પ્રમાણ ધર્યું છે, આપણે નિઃસંદેહ એની અવશ્યભાવ કરુણામાં-શ્રદ્ધાવાન બની રહીએ છીએ. આ કાવ્યનો-પ્રબળ-પ્રખર પ્રભુપ્રેમનો જીવંત દાખલો છે.

આ વિશ્વમાં એક એવું પરમ તત્ત્વ છે જે આપણા દોષો-મર્યાદા-અધૂરપોને દરગુજર કરી, આપણા પર કેવળ કરુણાવર્ષણ કરવા સદા તૈયાર હોય છે. આપણે કેવળ પ્રાર્થવાનું છે-જેવા છીએ તેવા એની આગળ આવરણરહિત પ્રગટ થઈ જવાનું છે.

પ્રભુ માટે ભક્તની લાયકાત-યોગ્યતા નહિ, એનું 'હોવું' જ મહત્ત્વનું બની રહે છે, એને સાર્થક કરવા એ સદા વરદાયી હોય છે.

ભગવાનની પરોક્ષ ઓળખાણ પણ એટલી જ ફળદાયિની !

આપણે પ્રભુએ ઉપાડેલી સ્ટીમરમાં એક ખૂણે બેસી જઈશું તોય ઉગરી જઈશું. કોઈ આગવા પરિશ્રમની પણ જરૂર નથી. પણ પ્રભુને-માલિકની સ્ટીમરને ઓળખી જવી પડે.

આત્મતિરસ્કાર, આત્મનિર્ભર્સ્ત્નામાંથી ઊગરી, આત્મશ્રદ્ધા પ્રગટાવવાની છે, જેથી પ્રભુશ્રદ્ધા બળવંત બને.

તા.ક.દેખીતું કાવ્ય મધદરિયે...પંક્તિ સાથે પૂર્ણાહુતિ પામે છે. પણ સંત-કવિયિત્રી 'મા' પોતાના પ્રત્યક્ષ પ્રમાણ દ્વારા ભક્તની ડગુમગુ શ્રદ્ધાને વધારે સ્થિર, દેદીપ્યમાન કરી રહે છે.

એટલે દેખીતા અંત પછી પણ કાવ્ય આગળ ને આગળ વિસ્તરે છે, તે ચૈતન્ય પ્રસારનું બીજું રૂપ છે.

—તરલા દેસાઈ

## ॥ સપ્તરંગી છે આ સંસાર રે ॥

સપ્તરંગી છે આ સંસાર રે, સૌને લાગે મીઠો રણકાર

જ્યાં ત્યાં ઝૂકી રીઝવાનો, બંધનને મુક્તિ ગણનારો

વિઘ્નજાળ વચ્ચે ગૂંચવાયેલો, સૌને લાગે મીઠો રણકાર

જ્વાળામુખી સમ એ ઝળહળતો, ખૂણેખૂણો ત્યાં રડતો કકળતો

અમૃતવિષનો એ મધપૂડો, સ્વજનોએ અનુભવથી ગાયો.

ભવકૂપમાં એ તો ડૂબાવતો, સૌને...

સંતના સંગે લાગે મધુરો, અલૌકિક આનંદ મઢેલો

પેલે પાર એ તો પહોંચાડતો, સૌને...

- પૂ. શ્રી 'મા' સર્વેશ્વરી
(રાગ- તમે સૃષ્ટિના સર્જનહાર રે...)

Regd. No. : BVHO/113/2024-2026,
Renewed upto 31-12-2026. R.N.I. No. 71957/99

"આસક્તિ બંધન છે.
અનાસક્તિ જીવનમુક્તિની
કલ્યાણ કેડી છે."

- પૂ. શ્રીયોગેશ્વરજી

Permitted to SPO's Bhavnagar, Posted at RMS Office Bhavnagar
on 1st of every month. Total Volume Pages 68.
Price per copy Rs.8/- Annual Subscription Rs.25/-